ઉદવાડાના અથોરનાન
કુટુંબોની વંશાવળી.



[illegible] નવરોઝ ઉનવાલા.

"FEHERIST" OR GENEOLOGY

OF THE

Sanjana Athornan Section

OF

UDWADA

Revised and Enlarged from the original "Feherist"

BY

Ervad Nosherwan Nowrojee Unwala.

Edited and Published

BY

ERVAD BAMANJEE PESTONJEE BELIKAKANA

Specially for the benefit and guidance of the nine Athornan families of Udwada and Athornan Bharda family of Tarapur.

Jain Vijaya Printing Press-Surat.

1295 Yazdezardi 1925 A. D.

નોઇત ના પોઉરૂશ દ્રેગ્વતો ખ્યાત ચિખ્શ્નુ શો.
અત તોઇ વીસ્પેંગ અંગ્રેંગ અષાઉનો આદરે.
તેમ વાઓ અહૂમ દ્રેગ્વન્તો ખ્યઓથનાઇશ
ખાઇશ દએનાદ ન એષત.
યેઝી અદાઇશ અષા દ્રુજેમ વેંઘહઇતી.

યાને—એક સાચ્ચો માણુસ પાપી માણુસોને રાજી રાખનારો નહિજ થાય કારણકે તે પાપીઓ સાચ્ચા માણુસોને નઠારા ગણુતા આવેલા છે.

ઓ ! પાપી માણુસો ! તમારી બદદિયાનત તમારાં પોતાનાં કામોને લીધે તમોને તે અંધારી દુન્યામાં લઇ જશે.

જ્યારે સદગુણી માણુસ પોતાનાં પરોપકારી કામોથી રાસ્ત વર્તણુકની રોશની ફેલાવશે.

ઉદવાડાના સંજાણા અથોરનાંન ટોળાની "ફેહેરીસ્ત"

યાને

વંશાવળી.

અસલ ફેહેરીસ્ત ઉપરથી સુધારા વધારા સાથે.

લખનાર:—

એરવદ નોશેરવાંન નવરોજી ઉનવાલા.

ઉદવાડાનાં નવ કુટુંબી અથોરનાંન ટોળાની અને તારાપુરનાં અથોરનાંન ભરડા કુટુંબની ખાસ વાકિફગારી અને લાભ માટે.

છપાવી પ્રગટ કરનાર:—

એરવદ બહમનજી પેસ્તનજી બેજીકાકાનાં.

સુરત—"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદ કસનદાસ કાપડિયાએ છાપ્યું.

સને ૧૨૯૫ યજદેજરદી.] [ઇસવી સન ૧૯૨૫.

હુમતનાંમ હુખ્તનાંમ હવર્સ્તનાંમ
યદચા અન્યદચા વેરે જયમ્નાંમ્ચા
વાવેરેજ નનાંમ્ચા મહી અઇબી જરે તારો
નએ નએ સ્તારો યથનાં વોહુ નાંમ મહો.

આહે—આએ સાહેબ ! જેમ હમો સારાં માણસોની વખાણ ગાનારા તથા તે વિષે વિચાર કરનારા છીએ તેમ હમો આ દુન્યાંને માટે તથા પેલી દુન્યાંને માટે નેક વિચાર, નેક સખુન, તથા નેક કામ કરનારાઓ, અને કરી જનારાઓની વખાણ ગાનારા તથા તે વિષે વિચાર કરનારા છીએ.

મરહુમ એરવદ કાવસજી શાપુરજી કટીલા.



જેવણે ઉદવાડા, અથોરનાંન ટોળાને સુધારવા તન, મન,
અને ધનથી સેવાઓ બજાવી હતી.

જન્મ—રોજ ૨૯ માહ ૩ જો સને ૧૨૪૯ યજદેજરદી.

મરણ—રોજ ૨૨ મો દેપદીનદાદાર મહા ૧૧ મો દહેદાદાર સને ૧૨૮૯ યઝદેજરદી.

(જુઓ વૃતાંત પાનું ૬૪ મું)

DEDICATION.

THIS BOOK

Has been dedicated

To

The Late Patriot

Mobed Kawasji Shapurji Katila

As an humble recognition of his eminent services to his Country, and, by doing numberless philanthropic acts for the amelioaration of his native people, more especially in matters educational

By

His trve admirer

N. N. Unwala.

જેમ ઠોકડાંનો એક કટકો જમીન ઉપર પડયો હોય, તેને જોવાની કે યાદ કરવાની દરકાર કોઇ કરતું નથી તેમજ એક બદકાર અને નાલાયક માણસ કયાં જીવે છે અને કયારે મરે છે તેની કંઇબી પરવાહ કોઇ કરતું નથી, પણ જેમ ખરા હીરાની એક કણી જમીન ઉપર પડેલી દીસ્તાંજ સર્વે કોઇ માનથી અને મહોબતથી તેને ઉંચકી લેવાને ચાહે છે તેજ મીશાલે એક ભલા અને પરોપકારી ચંચલ નરને પડી ભાંગેલો અથવા મરણ પાંમેલો જોતાંજ સર્વે કોઇ માયાની અને કદર-દાનીની લાગણી બતાવે છે.

(મનસુખી નિતિ વચનનાં ગોહરો.)

સાચ્ચા અને વતન અભિમાની ખેરખાહ

મરહુમ

મોબેદ કાવસજી શાપુરજી

કટીલા.

જેવણે પોતાનાં ટોળાની કેળવણી અને
ભલાં માટે ખરી વફાદારી અને
જાનફેશાની બતાવી તન
મન અને ધનથી
લડત ચલાવી
સેવાઓ
બજાવી
છે.

તેઓની અષોયાદમાં

આ પુસ્તક
મોટા ઉપકાર અને માન સહીત

અર્પણ કરૂં છું.

લી૦ નોશેરવાંન નવરોજી ઉનવાલા.

આ ચોપડી વિષે પ્રગટકર્ત્તાનો ખુલાશો.

આ ચોપડી માટે મારા જેવાએ તે શું ખુલાશો કરવાનો હોય ? પણ કર્તાની ખાહેશને માન આપી બે વાજબી બોલ લખવાની ફરજ પડે છે, કે આ ચોપડીમાં પ્રગટ કર્તા તરીકે મારા જેવા તરાહીતનું નાંમ આવે એ વાંચી મારા ઉદવાડયા બીરાદરો કાંઇક નવાઇ પામશે ખરા ! પણ મારા ઘણા ઉદવાડયા ભાઇઓને રોશન છે કે, હું ઉદવાડા અને એ સંજાણા ટોળા સાથ મારાં બચપણથી નીકટ સંબંધ ધરાવતો આવ્યો છું કારણ કે એ ટોળા માંહેલાં "સીધવા" કુટુંબમાં હું મારા મમસાર તરફનું સગપણ ધરાઉં છું તે સાથે આજે આ ચોપડીના કર્ત્તાએ મને એ ટોળાનાં મુળ પુરૂષ **ખુજસ્તા-ખુસમસ્તાથી** પકડી ૨૩ મી પહેડીએ હુરનો સંજાણા ટોળા માંહેલો સોધી કહાડયો છે. એટલે દેખઇતું છે કે, હું અને મારૂં કુટુંબ ઉદવાડા અને આ ચોપડી સાથે સંબંધ ધરાવે છે. તો પછી આ ચોપડીનું હિત હું ધરાઉં એમાં જાજુ અજાયબી જેવું નથી. તે સાથે હું આજ લાંબો વખતથી જોતો આવ્યો છું કે, આપણાં ઉદવાડયા અથોરનાંન ટોળામાં ચાલુ ઝઘડાઓ, અને માંહો માંહેની અદેખાઇ અને બીન કારણની અંટસો વર્ષોથી ચાલી રહી છે. જેનું મુળ કારણ કેળવણીની કોહટાઇનું છે; જ્યારે બીજી બાજુ અનજુમનનાં લાભો અને હકકો સંબંધી મોટી પક્ષા પક્ષી ચાલી રહી, જાહેરમાં અને બાતેનમાં ચાલુ ચકચારો ઉત્પન્ન થયા કરે છે. જે એક સાંભળવા પ્રમાણે અનજુમનનું સંગીન બંધારણ નહિ હોવાનું પરિણાંમ છે. એવા ફાટફુટ મામલામાં આવી એક ટોળાને લાભની કીંમતી ચોપડી છપાવી પ્રગટ કરવાનું માન હમારા જેવાને હાથ આવે, એ કાંઇ ઘણું નવાઇ જેવું નથી.

જો કે હું કાંઇ ક્રોડપતી યા લખોપતી શેઠયો નથી તેમ કાંઇ મને આવી ચોપડીઓ છપાવી પ્રગટ કરી મોટાઇ કે માન મેળવવાનો અભખરા નથી. પણ જ્યારે આ ચોપડીનાં કર્તા ભાઇ નોશેરવાંન નવરોજી ઉનવાલાએ મને આવી એક આપણાં ન્યાગાંનો, અને "ઇરાંનશાહ" સાથ સબંધ ધરાવતી ઇત્હયાસીક ચોપડી છપાવી પ્રગટ કરવા તક આપવાની ખાહેશ બતાવી, અને હમારૂં કુટુંબ એ વંશાવળી સાથ સબંધ ધરાવે છે અને એક અપવાદ તરીકે એ ચોપડીમાં આવી શકશે એમ હોવાથી મને ઘણીજ ખુશી ઉપજી અને આવા એક ચંચળ જવાંનને ઉત્તેજન આપી બહાર પાડવા મારી જીજ્ઞાશા વધારે ઉશકેરાઇ ! કારણકે હું આજ સુધી મારા ઉદવાડયા અથોરનાંન ટોળા માટે ઘણો દિલગીર હતો કે, ઉદવાડાની ભૂમી આવાં બાહોશ બેજાંઓને જન્મ આપવા ઘણીજ બેનસીબ છે, પણ જ્યારે આજે મને હાલની બીજી બાજુ તપાસવાની તક મળી છે, ત્યારે હું જોઇ શકું છું કે, ઉદવાડાનાં સંજાણાં ટોળામાં આવી

ચોપડીઓથી હાલની અને ભવિષ્યની ઓલાદ પર અજવાળુ નાંખનાર અને એ અથોરનાંન ટોળાની કિર્તી અને માન વધારનાર નોશેરવાંન ઉનવાલા જેવાં ભેજાંઓ બી ઉદવાડામાં પડેલાં છે. કે, જેણે પોતાનાં ટોળાની વંશાવળી સાથે હમારા કુટુંબની વંશાવળીને ન ધારેલી રીતે અંધારામાંથી સોધી કહાડી ઉજરડાંમાં લાવી મુકી છે, જે એક અથંગ જહેમત અને મહેનતનું પરિણાંમ છે. અને હમારાં કુટુંબ માટે અજાયબી ભર્યું છે.

આ કાર્ય નિતિ જેમ એના કર્તાની કિર્તી વધારનારી છે તેમ આખા સંજાણા ટોળાને ઉપ્યોગી અને તેઓની કિર્તી અને માન વધારનારી છે. તે સાથે હમારાં કુટુંબ માટે બી આ ચોપડી હાલની અને ભવિષ્યની ઓલાદ માટે એક મગરૂરી સમાન જળવાઈ રહેશે. એ રીતે મારાં કુટુંબની અને સારા આખા સંજાણા ટોળાની કીર્તી જળવાઇ રહેવા સાથે એ ચોપડી હરેકને ઉપ્યોગી થઇ પડે એવા હેતુથી મેં છપાવી પ્રગટ કરી છે જે આશા છે કે, મારા ઉદવાડયા બીરાદરોને ઘણી કીંમતી થઇ પડશે

અત્રે એક બીજો મારા વિષે ખુલાશો કરવા ધારૂં છું કે, આ ચોપડીનાં કર્તા ભાઇ નોશેરવાંન ઉનવાલાએ આ ચોપડીમાં મારી કેટલીક ના મરજી છતાં મારી તસવીર ને મારૂં વૃતાંત આપ્યું છે. કારણ કે મારાં કામોનાં ઢોલ મને જાંહેરમાં વજડવા ગમતાં નથી, છતાં એ ચંચળ જવાને પોતાનોજ બોલ કર્યો છે. કારણ કે આ ચોપડી છપાઇ પ્રગટ થઇ ત્યાં સુધીની દરેક ખટપટ એજ ભાઇએ કીધી છે. અને આ બાહોશ જવાંને આ ચોપડી માટે જે પ્રયાસ ખેડયો છે તે ઘણોજ કીંમતી ને સ્તુતિ પાત્ર છે. જો ઉદવાડા અનજુમન પોતાની અંગત અદેખાઇ ને મીનાંકેશો છોડી આવા ટોળાના લાભ સાચવનાર ચંચળ જવાનોની કદર સનાસી કરી તેઓને વાજબી ઉતેજણ આપી બહાર પાડે તો હું આશા ધરાંઉચ કે સંજાણો ટોળો આવી કિર્તીથી થોડા વખતમાં મહોટાઇની ટોચે પહોંચવા પાંમે ! ખુદા એવી બુદ્ધિ મારા અથોરનાંન ટોળાને બક્ષો. આમીન ?

લી० બહમનજી પેશતનજી બેક્ષોકાકા

અગાસી તા० ૩ જી ઓકટોબર ૧૯૨૫

દીબાચો.

ઉદવાડેના નવકુટુંબી અથોરનાંન ટોળાની વંશાવળીના કર્ત્તા ભાઇ નોશેરવાંન ઊનવાલાએ જ્યારે આ ચોપડીનો દીબાચો લખવાને મને એલતેમાસ કીધી ત્યારે હું મોટા ગુંચવાડામાં પડયો હતો કે, આવી વંશાવળી જેવી બીકટ અને પુરાંણી ઇતિહાસીક બાબદોને લગતી ચોપડીની હું જેવી જોઇએ તેવી માહિતી ધરાવતો નથી; એટલે એને મારે તપાસી એની ખુબી ખાંમીઓ જોઇ દીબાચો લખવો કેમ ? કારણ કે આપણા સંજાણા ટોળાની "ફેહરેસ્ત" ને નામે ઓળખાતી વંશાવળીની ચોપડી કે જે ઘણી અધુરી અને અસલ રૂઢીએ લખાયલી મેં આગળ જોઇ હતી, અને તેમાંની જોઇતી વિગતો મેળવવામાં હું હંમેશ ગુંચવાયા કરતો હતો તેની રૂએ જ્યારે આ ચોપડીનો દીબાચો લખી આપવાનું કામ મારા હાથમાં મુકવામાં આવ્યું ત્યારે શરૂઆતમાં મને મુશકેલ જણાયું. પણ જયારે આ ચોપડી છપાઇ તેયાર થયલી વાંચવા માંડી ત્યારથી તે અસલની ફેહરેસ્તના ગુંચવાડા ઘણે ભાગે દૂર થવા લાગ્યા, અને તેથીજ આ ચોપડીનો દીબાચો લખી આપવાની ખુશી બતાવી મેં આ કામ હાથ ધર્યું છે.

ઇરાનની જાહોજલાલી અને તે સોનેરી જમાનો વહી ગયા બાદ પારસીઓનો જે ટોળો શેહનશાહ યઝદેજર્દ શેહરીઆરની પડતી પછી આ હિંન્દુસ્થાનની પર ભૂમી ઉપર આવ્યો, ત્યારે કોઇને આશા ન હતી કે ઇરાનની પોતાની રહેણી કરણી અને વસવાટથી તદન જુદા આ પરાયા મુલકમાં પારસીઓ બાર સદીનો લાંબો ગાળો પસાર કરશે, પણ શુક્ર ખુદાના કે પારસીઓની પોતાની કાબેલ્યત, બાહોશી અને અનુભવી તરબ્યત તથા ધર્મ ઉપરની પૂર શ્રદ્ધાના પરિણામે, પારસી કોમ આજે આ પારકા દેશને પોતાનો દેશ બનાવવા શક્તિવાન થઇ છે, જો કે પારસીઓએ હિંન્દુસ્થાનમાં પગ મેલ્યો ત્યારની આગળી નામીચી કિર્તીઓની નોંધો આજે જેવી જોઇએ તેવી સચવાયલી નથી. પારસીઓ ઇરાનથી આવ્યા ત્યારથી લગભગ સાત આઠ સદી સુધી તો તેમની તવારીખો ઉંપર સદંતર અંધકાર ફરી વળેલો જણાય છે. લગભગ ઇ. સ. ૧૬૦૦ પછી પારસીઓને હિન્દુસ્થાન આવવાના તથા દેશેદેશ વીખરાવાના સંબંધમાં એક નાનું લખાણ "કિસ્સે સંજાણ" નામે મળે છે, અને તે ઉપરથી હિન્દુસ્થાનના તમામ જરથોસ્તીઓની હાલની તવારીખ જે અત્યાર સુધી અંધકારમાં હતી તે રફ્તે રફ્તે અજવાળામાં આવવા પામી છે; અને તે કારણે આગળા કિર્તીવંત સક્ષ્સોની યાદ તાજી થવા પાંમી છે.

આ સઘળા સંજોગો ઉત્પન કરવામાં કોઇ પણ ચાંજે મદદ કીધી હોયતો

તે સંજાણુમાં બનાવેલા અને પરથેલા શ્રી "ઈરાનશાહ" આતશ બેહરામ સાહેબ છે. ઈરાનથી ધર્મ સાચવવાના એકલા હેતુથી સર્વસ્વ તજી માદર વતન ત્યાગી નીકળી આવેલા આપણા ન્યાગાનોએ હિન્દુસ્થાનમાં ઉતર્યા પછી ધર્મ જાળવવા, સંભાળવા અને તેની પરવરેશ કરવા, જે મોતેબર ચીજ જોઇએ તે જરથોસ્તી ધર્મનું એક બુલંદમાં બુલંન્દ આલાત આતશે બહેરામ છે એમ વિચારી તેની સ્થાપનાની તૈયારીઓ કીધી અને આજથી લગભગ ૧૨૦૦) વર્ષની વાત ઉપર તેઓએ એક આતશના કેબલાની સ્થાપના કીધી અને તેનું નાંમ માદર વતન ઇરાન સાથે જોડેલું રાખવાના હેતુથી શ્રી ઇરાનશાહ આતશ બહેરાંમ કરી રાખ્યું. આજે જે શ્રી ઇરાનશાહ આતશ બેહરામની તવારીખ છે તે હિંન્દુસ્થાનના તમામ પારસી જરથોસ્તીઓની તવારીખ છે અને પારસી જરથોસ્તીઓની તવારીખ તે શ્રી ઇરાનશાહ આતશ બહેરામ છે. ! આ બંન્ને તવારીખોને અસલથીજ એકેકની સાથે નીકટનો સંબંધ છે. ઇરાનમાં આરબોના જુલમાત અને રાજ્ય ગયા પછી ધર્મ સાચવવાના એકલા હેતુથી હિંન્દુસ્થાન આવેલા તે મહાન પવિત્ર આબેદો અને બેહદીનોના કાફલાએ હિંન્દુસ્થાનમાં આવી ઉતર્યા પછી આતશે વહરારન જેવું જરથોસ્તી ધર્મનું સર્વેથી બુલંન્દ અને સર્વેથી શ્રેષ્ટ આલાત બરપા કરવામાં બેદરકારી બતલાવી હોત તો, જરથોસ્તી ફીરકો બારસો વર્ષથી જે હૈયાતીનો દમ ખેંચી શકયો છે, તેમ ખેંચી શકયો હોત કે કેમ તે એક સવાલજ છે ! !

ઇરાનથી નીકળેલા તે મહાન આબેદોએ વર્ષો સુધી અહીં તહીં અફડાઇ ઠોકાઇ સંજાણુ ભૂમી ઉપર ઠરીઠાંમ થયા પછી હિંન્દુસ્થાનના તમામ જરથોસ્તીઓ માટે એક આતશે વહરારન ઉત્પન્ન કીધું અને તેની પરસતેશ અને ખેદમત સંજાણુમાં રહેલા આબેદો બજાવવા લાગ્યા. વર્ષો પછી સંજાણુમાં ઇરાનશાહની ખેદમત અર્થે રહેલા કેટલાક મોબેદો અને બેહદીનો છુટા પડી, ખંભાત, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નોશારી, વિગેરે વિખેરાવા લાગ્યા. પાછળથી તેઓ જ્યાં જ્યાં જાથુક વસવાટ કરવા લાગ્યા ત્યાંના તે મોબેદો અને બેહદીનો તરીકે ઓળખાવા લાગ્યા. જેઓ ઇરાનશાહની ખેદમત અર્થે સંજાણામાં રહ્યા તેઓએ "સંજાણા" તરીકેજ પોતાને ઓળખાવવાનું ચાલુ રાખ્યું; અને આજ સુધી લગભગ ૧૨૦૦ વર્ષથી આપણો ટોળો પોતાની ઓળખ એજ રીતે ધરાવતો આવ્યો છે.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે, સંજાણુમાં આતશે બહેરામની સ્થાપના ય. ઝ. ૯૦ ના સાલમાં થઇ એમ કબુલ રાખ્યે તો, તે વખતે ઇરાનથી હિન્દુસ્થાન કેટલા મોબેદો આવ્યા હતા, અને કેટલા મોબેદો આતશ બેહરાંમ બના-

વવાની ક્રિયામાં રોકયા હતા ? કારણ કે એક નવા આતશ બેહરાંમ પરથવાની ક્રિયા કરવા માટે ઘણા મોબેદોની જરૂર હોય છે, ત્યારે હાલની તવારીખમાં તે સઘળાઓનાં નામ નિશાણ જળવાયાં કેમ નથી ? એ મોટો ગુંચવાડો છે. અત્યાર સુધી સંજાણા ટોળા સિવાયના બીજા ગામના મોબેદ સાહેબોની ફેહરેસ્ત યાને વંશાવળીઓ બાહેર પડી છે. તેમાં ફક્ત એક મોબેદ "નેરીઓસંગ ધવલ" તથા શાપુર શહેરીઆર, તથા હોરમજદીયાર રામીઆર એ ત્રણે સિવાય બીજા કોઇપણ અસલના મોબેદોના નાંમોની વંશાવળી બીલકુલ નજરે પડતી નથી ત્યારે શું આ એકલા નેરીઓસંગ ધવલે કે તેમની સાથના બીજા એક કે બે મોબેદોએજ એ ક્રિયા કરી હશે ? એટલુંજ નહિ પણ મોબેદ નેરીઓસંગ ધવલનો જમાનો ઇ. સ. ૭૧૬ દરમ્યાનનો ગણયે તો લગભગ તે પછીની છ સદી સુધી જે બીજા મોબેદો પહેડી દર પહેડી ઉતરી ગયા અને એ છ સદીમાં કમતીમાં કમતી અઢાર પેઢી મોબેદોની ચાલી ગયલી હોવી જોઇએ, તે બધા મોબેદોનાં નામ નિશાણો જળવાયાં કેમ નથી તેનું કશુંજ કારણ હાલની ફેહરેસ્તોમાંથી અથવા કોઇબી બીજી જુની તવારીખો ઉપરથી આપણને જડતું નથી; એ ઘણું અજાયબી ભર્યું છે. હાલ સંજાણાઓની વંશાવળી ખુશમસ્તા, ખુજસ્તાથી અને બીજા પંથકવાળા મોબેદોની વંશાવળી જરથુસ્ત અને બહેરાંમ સુવેદથી આગળ ચાલે છે; જેઓ ઘણું ઘણું તો ૭૦૦ વર્ષની વાત ઉપર હસ્તી ભોગવી ગયા હોય ! એમ અટકળ થઇ શકે છે, ત્યારે બાકીનો ૫૦૦ પાંચસો વર્ષનો ગાળો કેમ અને કયાં નીકળી ગયો તેની મુદલ તવારીખ જડતી નથી.

હાલે હિન્દુસ્થાન ખાતે દરેક અથોરનાન ટોળાની ફેહરેસ્ત હસ્તી ધરાવે છે તે બધી નજદીકની ૨૦૦, અને ૫૦૦, વર્ષની પેઢીઓ દેખાડનારી છે, તેની આગમજનો કાંઇપણ સીલસીલો એ ફેહરેસ્તોમાં મળતો નથી જેથી જાણી શકાતું નથી કે આગળ દરેક ટોળામાં ભાગ લાગ ખાવાની શીશી રૂઢીઓ હતી, તથા પંથકો, અમુક ટોળાવાળાઓએ કયારે કયારે વ્હેંચી લીધાં તેનો ખુલાશો હાલ આપણને મળી શકતો નથી.

હમોએ ઉપર જણાવ્યું તેમ ભાઇ નોશેરવાને "ઉદવાડાના સંજાણા અથોરનાન ટોળાની વંશાવળી" એ નામનું પુસ્તક પ્રગટ કરી આપણા ટોળાના ઇરાનશાહ આતશ બહેરામની બોય દેવાના હક ઇલાકાને લગતી બાબતો પુસ્તક રૂપે જાળવી રાખી એક લાંબા વખતની જરૂરી હાજત પૂરીપાઠી કીંમતી સેવા બજાવી છે. જો કે આજ ઘણા લાંબા વખતથી એવી એક વંશાવળીની સંજાણા ટોળામાં ઘણીજ જરૂરીઆત હતી. કારણ કે આજે જયારે દરેક પંથકના અથોરનાન ટોળાવાળાઓએ પોત પોતાના ટોળાની અને કુટુંબની વંશાવળીની જુદી જુદી ચોપડીઓ પ્રગટ કરી પોતાના ન્યાગાનોની કિર્તી અને નાંમના જાળવી રાખી

છે, ત્યારે આપણા સંજાણા ટોળાના "ધીરા શુરા અને વીરા." બહાદુર ન્યાગાનો જેઓએ હિંન્દુસ્થાનની પારકી ભૂમી ઉપર ધર્મનો ઝુંડો પહેલ વહેલો ફરકતો કીધો, અને જે મહાન આબેદોના પવિત્ર તપોબળ વડેજ હિન્દુસ્થાનના તમામ મોબેદો અને જરથોસ્તીઓ આજે સુખી સંતોષી અને આબાદ બન્યા તેજ ટોળાની વંશાવળી, અને તેમાં સમાયલાં મરહુમ ન્યાગાનોનાં નાંમો આજ સુધી જાહેર રોશનો જોવાથી બે નશીબ રહ્યાં તે એક અફસોસની વાત છે, પણ લગાર મોડેથી તો મોડેથીબી એ વંશાવળી હાલ પોતાનું જાહેર સ્વરૂપ જોઇ શકી છે તે મોટા સંતોષની વાત લેખાશે. ।

આ વંશાવળીના કર્તા ભાઇ નોશેરવાને આપણી જુની ફેરરેસ્તો ઉપરથી લખી આ પુસ્તક તૈયાર કીધું છે. હઝારો હઝાર શુક્ર કરવા જોગ બાબત આ છે કે આપણા અથોરનાંન ટોળામાં નામગરણોની ટીપો અસલથી સાચવી રાખવાનો કાયદો છે તે મુજબ ઇરાનશાહની બોયનો ભાગલાગ ખાવાના હેતુથી આ ફેહરેસ્ત રૂપી નામગરણો પેહડી દર પહેડી આપણાં ન્યાગાનો તરફથી ચોકસ રીતે સાચવી રખાતાં આવ્યાં છે, અને આજે પણ સાચવી રખાય છે, જે કારણથી એ નામ ગરણોએ આજે પુસ્તક રૂપે પોતાનું નવું સ્વરૂપ જોયું છે.

જો કે સંજાણા ટોળાની અસલ હાથની લખેલી જુની ફેહરેસ્તો આજે ઘણે ઘેરે જળવાયલી છે પણ તે ઘણીજ ગુંચવાડા ભરેલી અને અધુરી છે, તેમજ નકલ નવેશોએ જેમ ગમે તેમ તેની નકલો કીધેલી છે, જો કે એ ફેહરેસ્તો ઇરાનશાહનો બોયનો હક ખાસ વહેંચી લેવા અને ટોળા માંહેથી એના કોણ કોણ હકદાર છે તે જણાવવા માટેજ ખાસ પહેડી દર પહેડી રાખવામાં આવતી જેથી તેમાં નવ મહિનાના નવ કુટુંબોની "પાંતી"–"કટમ"–"બેહું" "ખટલુ" વિગેરે શબ્દોથી દરેક કુટુંબોના ભાગ અને નામો આપેલાં હોવાથી હાલ ફેહરેસ્ત જોનારાઓને એની કાંઇપણ સમજ પડી શકતો હતી નહિ; જેથી અમુક કુટુંબને જુની ફહેરેસ્તમાંથી સોધવું હોયતો તે ઘણી મુશ્કેલીએ શોધી શકાતું હતું, અને એવા કંટાળાને લીધે જુની ફહેરેસ્તોને આગળ ચલાવવાનું પણ આજ લગભગ (૧૦૦) સો વર્ષથી બંધ પડી ગયું હતું, પણ આ ચોપડીના કર્તાએ જુની ફેહરેસ્તમાંથી દરેક કુટુંબને બોયના પહેલા ફરવરદીન મહીનાથી સીલસીલા બંધ શોધી કહાડી આ ચોપડીમાં હાલના તેઓનાં નામ નિશાણો સાથે ય. ઝ. ૧૨૯૦ સુધી આગળ ચલાવી ગોઠવ્યાં છે; જેથી કોઇબી નવા જોનારને પોતાનું "કુટુંબ," "બેહલું," "પાંતી," જે જોવું હશે તે એ પુસ્તકમાંથી ઝટ મળી આવશે તે સાથે દરેક કુટુંબોમાં આવતા મૂળ પુરૂષોનાં નાંમો ગોઠવવામાં પણ બહુ સાવચેતી રાખેલી દીસે છે. તે એકે, એક આખા

કુટુંબનાં નામોને જુદી જુદી ભાષામા નંબરો આપી તેજ નિશાણીઓને આધારે તે નામોને આગળ ચલાવેલાં હોવાથી, ઉપર આવી ગયલા, વારેસનું કુટુંબ પુરૂં થઇ જ્યારે બીજા ભાઈનું કુટુંબ અનુક્રમે નીચે આગળ ચાલે છે ત્યારે તેની ઓળખ ઝટ જણાઇ આવે છે. વળી જ્યાં એક ભાઇનું લંબાણ કુટુંબ ચાલી પછી બીજા ભાઈનું કુટુંબ ચાલે છે ત્યાં એ કોણનો મૂળ વારસ છે તે જાણવા માટે આગલાં પાનાં ઉપર નંબર આપેલા છે, જેથી તે કોણનો વારસ બેટો છે તે શેહેલાઇથી આપણે મેલવી શકીયે છીએ. દાખલા તરીકે પાનાં ૧૦૪ ઉપર એરવદ વીકજી એરવદ કુકાના કુટુંબનો સીલસીલો ચાલે છે તેમાં વીકજી કુકના બેટા ૨ "ક" અને "ખ," ની નિશાણીએ જણાવેલા છે.

"ક"—એરવદ હોશંગ એ૦ વીકાજી અને

"ખ"—એ૦ ઈજદીઆર એ૦ વીકાજી

હવે ૧૦૪માં પાનાંથી "ક"–એ૦=હોશંગ એ૦ વીકજીનું કુટુંબ ચાલે છે તે સને ૧૨૯૦ સુધી, જ્યાં સુધી આ ફહેરેસ્ત આગળ ચાલી અટકી છે ત્યાં સુધી ચાલી ૧૦૮માં પાના ઉપર પૂરૂં થાય છે. અને ૧૦૮માં પાંનાથી બીજા ભાઇ એ૦ ઇજદીઆર વીકજીનું કુટુંબ શરૂ થાય છે ત્યાં મથાળે કાળા ટાઇપમાં આગળીજ ૧૦૪માં પાના ઉપરની "ખ" ની નિશાણી પાછી હયાં મેળી જણાવ્યું છે કે "ખ—એ૦ ઇજદીઆર એ૦ વીકજી તે વીકજી કુકા હોરમઝ-દયારના બીજા બેટા જુઓ પાનું ૧૦૪"—એ રીતે દરેક ઠેકાંણે આગલાં પાનાનાં નંબર પાછા આપવાથી પાછળ ચાલેલો વારસ કોણ અને કયાં કુટુંબનો છે તે સહેલાઇથી ઓળખાઇ આવે છે.

વળી પુસ્તકનાં કર્ત્તાએ દરેક કુટુંબની સાથે, તે કુટુંબનાં જુદાં જુદાં "ઝાડો" બનાવી, આ વંશાવળીમાં સાથે મુકયાં છે. આ "ઝાડો" આ પુસ્તકમા દરેક કુટુંબની સાથે સાથે આપવાથી પુસ્તકનાં ઉપયોગીપણાંમાં બેશક વધારો થયો છે તે સાથે એ "ઝાડ રૂપિ વંશાવળી" ની મદદથી પોતાની કુટુંબી શાખાઓ તપાસવાનું-એક અંજાણ્યાં શખ્સ માટે ઘણુંજ ઉપયોગી થઇ પડશે.

આ હાલની ફેહરીસ્ત લખવાની શરૂઆતમાંજ કર્ત્તાએ દરેક કુટુંબોનાં "ઝાડો" સપપર પેહેલ્લાં બનાવી તેનાં ફોટોગ્રાફો મારા મરહુમ ભાઇ જહાંગીરજી પાસે લેવડાવી–તેવાં નવે કુટુંબોના ઝાડોનો એક "ફોટોગ્રાફ" અત્રેનાં "ઇરાનશાહ" નાં મકાનમાં ખુલ્લો મુકયો હતો જે ઉપરથી અત્રેનાં જુવાન વર્ગનું પોતાનાં ટોળાની ફેહરીસ્ત જાણવા માટે ધ્યાંન ખેંચાવા લાગ્યું–અને તે ઉપરથી દરેક માણસો પોત પોતાની કુટુંબી ફેહરીસ્ત રૂપિ ઝાડની માંગણી ભાઇ નોશેરવાન

આગલ કરવા લાગ્યા, જેથી કર્ત્તાએ એ નવે કુટુંબોનાં ગાડોનાં "ક્લોકસ" બનાવી મંગાવી-મારા પિતાજીનાં ખર્ચે તે આખી ચોપડી છપાવી, અત્યાર આગમજ ગામમાં ફાહેશ કરી દીધી છે; અને તેજ પ્રમાણે આ વંશાવળીમાં પણ તે ગાડો સાથે સાથે પ્રગટ કરી બન્ને સંગ્રહને એકજ બાજુએ સાચવી રાખવાની કોશેષ કરી છે તે માટે કર્ત્તાની ઉલટને હું શાબાશી આપ્યા વિના રેહી શકતો નથી.

આ ફેહરેસ્તને અસલ ફેહરેસ્ત પ્રમાણે એ૦ ખુજસ્તા ખુશમતાથી શરૂ કરી હોરમજદીઆર બહમનીઆરનાં ત્રણ બેટા, તેમાં પહેલ્લા શાહેર, બીજા ધનપાલ અને ત્રીજા કામથી અનુક્રમે આગળ ચલાવી છે જ્યારે જુની ફેહરેસ્તમાં પહેલા ધનપાલ, બીજા કામ અને ત્રીજા સાહેરથી અનુક્રમે લખાયલી છે, પણ ફેહરેસ્ત લખવાનું અને તેને પેહડી દર પેહડી આગળ વધારી સાચવી રાખવાનું મૂળ કારણ તો, બોયના હકની વેંહચણી કરવાનું છે; કારણ કે હાલ આપણા નવ કુટુંબોના બોયના હકની વહેંચણી વડા, વચલા, અને નાંધલા, ભાઇના ઓઢા પ્રમાણે ફ્રવરદીન, અરદીબેહસ્ત અને ખોરદાદ, માસથી થયેલી છે. એ વડા, વચલા, અને નાંધલા પ્રમાણે ફ્રવદીન અરદીબેહસ્ત અને ખોરદાદ ત્રણ મહિના વહેંચી તેજ પ્રમાણે આજે એ અનુક્રમે ત્રણ બેટાની અંદરથી ઉત્પન્ન થયલાં હાલના ઉદવાડાના નવે અથોરનાંન કુટુંબોએ નવ માસની વહેંચણી કીધેલી છે જે રૂઢી ઘણીજ અક્કલ પસંદ છે અને તે સદીઓથી આપણા ટોળામાં એક સરખી રીતે ચાલી આવે છે. આગળી જુની ફેહરીસ્તમાં જે ખાંમીઓ હતી તે આ ફેહરીસ્તમાં ફેરવી નાંખી ને ચાલતા આવેલા બોય દેવાના હાલના રિવાજ પ્રમાણે ફ્રવરદીન માસથી અનુક્રમે કુટુંબો ગોઠવી તેને આગળ ચલાવી છે. એ ફેહરેસ્ત હાલની રૂઢીએ શા કારણસર લખી છે તેમજ આગળી જુની રૂઢીને ફેરવી નાખવાનો શો સબબ ઉભો થયો છે તેનો લંબાણ ખુલાશો કર્તાએ પોતાનાં એ પુસ્તકમાં કર્યો છે જે ઉપરથી વાંચનારાઓ સહેલાઇથી એનો ખુલાશો મેળવી શકશે, એટલે મારે અહીં લંબાણ કરવાની જરૂર નથી.

વળી ચોપડીની શરૂઆતમાંજ કર્તાએ સંજાણા ટોળાના આગલા કોણ વડાઓ અને દસ્તુરો થઇ ગયા છે તેનો લંબાણથી ખોલાસો આપ્યો છે. તેમજ આગળ ચાલતાં સંજાણા ટોળો ઉદવાડે આવ્યા પછી હાલ સુધીમાં એ ટોળામાં કયા કયા અને કેટલા "દસ્તુરો" થઇ ગયા છે તેઓને "દસ્તુર" તરીકે આ વંસાવળીમાં ઓળખાવ્યા છે. અને વધુમાં તેઓને ઉદવાડા અનજુમને કયા સાલમાં "દસ્તુર" તરીકે નીમ્યા અને તેઓ કયારે ગુજર પામ્યા તેની રોજ-માહ-સાલ સાથની નીચે નોંધ આપી છે દસ્તુરો માટેની આ નોંધ કર્તાએ "પારસી પ્રકાશ" તથા "ધુપનીરંગમાં દેવાતા નામગરણો" ની નોંધો ઉપરથી આપેલી જણાય છે

કારણકે ઉદવાડાની દરેક જુની ફેહેરીસ્તોમાં "એરવદ" અને "ઓસ્તા" સીવાય કોઇને પણ "દસ્તુર" ના એલકાબથી લખેલા નથી જોકે ઇરાનશાહ આતશબહેરાંમ દરેક હીંદુસ્તાનનાં આતશબહેરાંમોમાં જેમ કુદરતી રીતે વડો દરજ્જો ધરાવે છે, તેમજ તે ઇરાનશાહની સાથે તેની ખીદમતમાં રહેલો હમારો સંજાણા અથોરનાંન ટોળો પોતાનો વડો દસ્તુર અસલથીજ ધરાવતો આવ્યો છે કે જેમનાં નામો દસ્તુર ખુરશેદ કામદીન-દસ્તુર બરજોર કામદીન-દસ્તુર દારાબ હોમજીઆર-દસ્તુર બહમન કૈકોબાદ-દસ્તુરાંન દસ્તુર હોશંગ આશા વીગેરે નામો આપણે રેવાયતો તથા બીજે ઘણે ઠેકાંણે જુના લેખોમાં વાંચીએ છીએ. પણ તેમને એ સંજાણા ટોળાની ફેહેરીસ્તમાં કેથે પણ "દસ્તુર" અથવા ટોળાના "વડા" તરીકે નહી લખવાથી મોટો ગુંચવાડો આજ સુધી ઉભો થતો રહયો છે. સંજાણા ટોલામાં આગળ એક નહી પણ ત્રણ ત્રણ દસ્તુરો યાને "વડાઓ" હતા. ઇ૦ સ૦ ૧૪૧૬માં વાંસદેથી શ્રી ઇરાનશાહના નુરી કેબલાને નવસારી લાવ્યા, ત્યારે તેમની સાથે ત્રણ વડા ધર્મ ગુરૂઓ હતા તેમાં એક ચાંઇયા સઇયાર, બીજા ખુરશેદ કામદીન, અને ત્રીજા નાગણ રાંમ હતા. ફેહેરીસ્ત ઉપરથી જણાય છે કે, એ ત્રણ મુળ પુરૂષોને ત્યાં ત્રણ ત્રણ દીકરાઓની વૃદ્ધી થવાથી તેનાં આજે સંજાણા ટોળામાં નવ કુટુંબો બન્યાં છે પણ એ ત્રણ મુળ પુરૂષોના ત્રણ વારસો સદીઓ સુધી સંજાણા ટોલાના ઉપરીઓ તરીકે યાને વડા અધીકારીઓ તરીકે એક સરખી રીતે ચાલી આવ્યા હતા એ અસલ ફેહેરીસ્તનાં લખાણ પરથીજ જણાય છે. પણ ઇ. સ. ૧૭૩૦ પછી નવસારીના ભગરીયાઓના મુખી દેશાઇ ખુરશેદજી ટેમુલજીની સાથે મળી ચાંઇયા સઇયારથી ઉતરી આવેલા સંજાણા ટોલાના પેહેલા ફરવરદીન મહીનાવાલા એક વડા ભાગીયા "શાપુર શેહેરીઆર" (જે સંજાણાઓમાં શાપુર સામરાને નાંમે ઓળખાતા હતા) જેણે સંજાણા ટોળાને નવસારીમાં દેશાઇ ખુરશેદની કુમક ઉપર ચાલી "તોબાહ ખત" કરાવી વરસો સુધી પાયમાલ કીધા હતા તે કારણથી સંજાણા અનજુમને તથા બીજા તેના બે વડા ભાગીઆઓ દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા દસ્તુર રૂસ્તમજી શેરીઆરજીએ અનજુમન સાથે મળી એ શાપુર સામરાને (ફરવરદીન મહીનાવાલા પેહેલા ભાગીઆને) વડા તરીકે રદ કરી તેનું વડપણ તે દીવસથી કાઢી નાંખ્યું હતું અને તે વખતની અનજુમને તે પછી બેજ વડાઓનું વડપણ ચાલુ રાખ્યું હતું અને તેજ રૂઢી આજ સુધી ચાલુ છે જેથીજ હાલના બંને દસ્તુરો અરદીબેહસ્ત અને ખોરદાદ મહીનાના બીજા અને ત્રીજા વડા ભાગીઆ તરીકે ઉદવાડામાં ગણાય છે. !

જુની ફેહેરીસ્તોમાં સંજાણા ટોળાની અંદર જે જે ખરા લાયક દસ્તુરો થઇ ગયા તેમને પણ વંશાવળીમાં "એરવદ" તરીકેજ ઓળખાવેલા હોવાથી એ વંશાવળીમાં ચાલતા એવા ઘોંટાળાના પરીણામે સંજાણા

ટોળાના આગલા મરહુમ દસ્તુરોને અને તેમનાં કામોને આજ સુધી ઘણો અન્યાય થતો રહયો છે કારણકે સંજાણા ટોળાની ફેહેરીસ્તમાં દસ્તુરોને દસ્તુર તરીકે નહિ ઓળખાવેલા હોવાથી અને આજથી આસરે બસો વર્ષની વાત ઉપર તમાંમ સંજાણો ટોળો નવસારીમાંજ રહેતો હોવાથી સંજાણા ટોળાના દસ્તુરોની કીર્તી અને નામના નવસારીનેજ ફાલે ગઇ છે; અને તે કારણથી નવસારીમાં જે જનમ્યો તે ભગર સાથ ટોલા માહેલોજ હોય તેમ આજ સુધી નવસારીના પક્ષપાતી તવારીખ નવેશો ચીતારતા આવ્યા છે,—પણ હવે વખતના વેહેવા સાથે સ્વતંત્ર અભ્યાસીઓના અભ્યાસના પરીણાંમે રફતે રફતે સંજાણા ટોળાના તે મરહુમ વીદ્વાન દસ્તુરો અંધકારમાંથી અજવાળામાં આવતા જાય છે. ભગર સાથ ટોળાના કેટલાક તવારીખથી બીન માહીતગાર લેખકો હીંદુસ્થાનમા પેહેલી 'દસ્તુરી ગાદી" સ્થાપણ કરવાનું માન ભગર સાથ ટોળાને અને નવસારીને ફાલે લઇ જાય છે, પણ હમો જણાવી ગયા તેમ સંજાણો ટોળો અસલથીજ પોતાના વડા દસ્તુરો ધરાવતો આવ્યો છે; અને સ્વભાવીક રીતે એક વડી અંન-જુમન તે વખત ઉપર સંજાણાનીજ ગણાતી હતી. તો તે ટોળાને એક વડા દસ્તુર વીના ચાલી પણ શકે નહી. ભગર સાથ ટોળાના પેહેલા દસ્તુર મેહેરજી વાછા (ઇ. સ ૧૫૯૧) માં દસ્તુર થાય છે. તે વખતે નવસારીમાં સંજાણા ટોળાના એક વડા દસ્તુર હોશંગ આશા કે જેને "કીસ્સે સંજાણને" લખનાર બહમન કૈકો-બાદ "દસ્તુરાન દસ્તુર" તરીકે ઓળખાવે છે, તેતો ત્યાં તે વખતે હેયાત અને હાજર નાજર છે. વળી આગળા એક કીસ્સા પ્રમાણે તો સંજાણા ટોળાનાજ વડા દસ્તુરાંન દસ્તુર હોશંગ આશા ભગર પંથના પેહેલા દસ્તુર મેહેરજી વાછાને પોતાને હાથે દસ્તુરીની શીયાલ ઓઢાડે છે. (જુઓ એ વીષે મારો ખોલાશો "પ્રજા મીત્ર અને પારસી" તા. ૨૦-૮-૧૯૨૪) હમો ઉપર જણાવો ગયા તેમ સંજાણો ટોળો ખુદ સંજાણમાંજ હતો ત્યારથીજ ખંભાત, ભરૂચ, સુરત, અને નવસારી એમ જુદે જુદે ઠેકાંણે બેહેદીનો વીખરાવા લાગ્યા અને તેમની સાથે સાથેજ તે ગામના બેહેદીનોનું પંથક ચલાવવા સંજાણાની વડી અનજુમન પોતાને હસ્તક મોબેદો મોકલવા લાગી તે વખત ઉપર દરેક ક્રીયા કામને લગતો આલાત આખા હીંદુસ્તાન ખાતે ફકટ સંજાણા અનજુમનજ ધરાવતી હતી. અને તે વખત ઉપર તેજ હીંદુસ્તાનની વડી અનજુમન ગણાતી હતી. પાછળથી જમાનાની ગીરદેશ અને પોતાના કીંમતી જાન કરતાં પણ વધુ વહાલા શ્રી "ઇરાનશાહના" નુરી કેબલાની જાળવણીને ખાતર (સંજાણ ઉપર મુસ-લમાનોનો દોર અને ચઢાઇને કારણે) સંજાણો ટોળો તે વખતથી બાહા-રોટ અને વાંસદાના જંગલોમાં રખડતો થયો, અને પાછળથી નવસારીના દીન-પનાહ શેઠ ચંગાશાહ દીનપનાહ? રૂવાંની-બેહેદીન ચાંગા આશાની મેહરબાનીથી તે નવસારીમાં

ઠરીઠાંમ થવા પાંમ્યો. કહેવામાં આવે છે કે; જે વખતે સંજાણો ટોળો નવસારી આવ્યો ત્યારે નવસારીના મોબેદો કે જેઓ સંજાણની અગીઆરીમાંજ નાવર મરાતબ થયલા હતા, તેઓએ પોતાના વડીલોની નવસારીમાં આમદ થાય તે સામે વાંધો ઉઠાવ્યો, અને નવસારીમાં જો સંજાણા મોબેદો આવે તો તેઓ નવસારીના બેહેદીનોના ઘરના કીયા કામો તો નહીજ કરે, પણ પોતાને ત્યાંના બી " અષો ફ્રેશહરોના " અથવા " જીંદેરવાંનના " કીયા કામો નહી કરે એવાં " લખાં-પડાં કરી પછીજ તેઓને નવસારી આવવા દીધા હતા. વીગેરે—

આ પ્રમાણેની હકીકત ભગરીઆ સાહેબો તરફથી આજ વર્ષોથી જાહેર આલમ આગળ પેશ કરવામાં આવે છે પણ તેની કશીબી પુરવારી કે શાહદત નથી–શાહદત માત્ર એકજ છે અને તે એરવદ શાપુર માણેક સંજાણાએ ઈ. સ. ૧૭૬૫)માં નવસારીમાં દેશાઇ ખોરશેદે આતશ બેહેરાંમ પરથાવ્યા, તેની હકીકત દરશાવનારો પક્ષપાતી તારીફનો એક કીસ્સો જોડયો છે, તે કીસ્સાની અંદર એ શાપુર માણેક સંજાણાએ, સંજાણાઓ ઇ. સ. ૧૪૧૬ માં નવસારી આવ્યા તે વખતે પંથકોની હદ અને વહેંચણી નકકી થઇ હતી. અને તે પછીજ તેઓને નવસારી આવવા દીધા હતા. એમ તે કીસ્સાનો લખનાર જણાવે છે કે તે સીવાય બીજી કોઇપણ પુરાણી એવી સાહદત નથી કે જેથી તેની ઉપલી હકીકતને કાંઇ પણ ટેકો મળતો હોય. ઈ. સ. ૧૮૮૩ માં ભગરીઆઓ સાથે ઉદવાડા અનજુમનને ખેરગામનાં પંથક સંબંધી તકરાર પડી અને તે બાબત હીંદના દાદા પ્રોફેસર ડા. દાદાભાઇ નવરોજીની લવાદી ઉપર છેવટ લઇ જવામાં આવી તે કેસમાં ભગરીઆઓ તરફથી પોતાનું કેહેવાતું સવતંત્રપણું દેખાડનારા ઘણા-એક દસ્તાવેજો રજુ થયા હતા. પણ તેમાં કોઇ પણ એવો દસ્તાવેજ પુરવારી દેખાડતો નથી કે, પંથકોની વહેંચણી ફલાણા અમુક સાલમાં થઇ હતી તથા તે માટે જુદે જુદે ગામોની બેહેદીન અને મોબેદ અનજુમને સાથે મલી કોઇ પણ જાતનો પંથકો સંબંધી બંદોબસ્ત કીધો હતો. અત્યાર સુધી ભગરયા ભાઇઓ તરફથી એ સંબંધમાં જે ફડાકા મારવામાં આવે છે તે તદન કલપીત છે. એમ કેટલાક સાચ્ચા તવારીખ નવેસોનું માનવું છે.

ભગરીયા સાહેબો તેમના પહેલા મુળ પુરૂષ " જરથોસ્ત મોબેદ " ના વખતથીજ સ્વતંત્ર હોવાનો દાવો કરે છે અને સંજાણથીજ સંજાણા અનજુમન સાથનો ભાગ લાગ છોડી આવેલા તેમને જણાવે છે તે વાત કબુલ રાખીએ તો સ્વભાવિક રીતે સવાલ ઉઠે છે કે " જરથોસ્ત તથા મોબેદ " તથા તેઓ પછીના બીજા નવસારીમાં થઇ ગએલા મોબેદો નાવર મરાતમ કયાં થતા હતા? બરસનુમ કયાં લેતા હતા? બરસનુમ લેતી વખતે " દસ્તુરી " કોણુની ભણતા હતા? " આલાત " કયા ટોળાનો વાપરતા હતા? જયારે તેઓ છેલ્લા ટાઇ-

મમાં સંજાણા ટોળા ઉપર જોર જબરી વાપરી દેશાઇ ખોરશેદના વખતમાં સ્વતંત્ર થવા પામ્યા તે પછીબી ચોવીસ વર્ષે નવસારીના આતસબેહેરામ બનાવ્યા ત્યાં સુધી "ભષમ" નો આલાત કયાંથી વાપરેલો ? અને જ્યારે નવસારીના આતસબેહેરામ બનાવ્યાં ત્યારે એ આતશબેહેરામની ક્રીયા કરનારા મોબેદોને બરસનુમ આપતી વખતે એ ભષમનો આલાત તેઓએ કયાંથી ઉછીનો લીધેલો ? તે તેઓ મહેરબાની કરી જણાવશે.

આટલી વાત તો જાણીતી છે કે એક વડાં પંથકને તાબે બીજા ગામોનાં અથવા શહેરોનાં પંથકો હોએ છે, અને તે વડાં પંથકમાંથી ગએલો મોબેદ એક બારગી પોતાનાં ટોળાને લગરો વહેંચી ખાવાનો ભાગ લાગ હંમેશનો છોડી સ્વતંત્રપણે પણ ગયો હોએ છતાં તે પોતાની વડી અનજુમનને તાબેનોજ ગણાય છે અને તેને "નાવર મરાતબ" ની પદવી મેળવવા પોતાનાં વડાં પંથકમાંજ આવવું પડે છે. દાખલા તરીકે નારગોળ, સરોંડા, દેવીએર, તારાપોર, વીગેરે સંજાણા ટોળા હસ્તકના પંથકોમાં આજ સદીઓથી મોબેદો પોતાનો ઈરાનશાંહનો હક પોતાના ટોળાથી છુટા પડી તે ગામોમાં જઇ વસેલા છે અને ત્યાં વર્ષોથી જાથુકનો વસવાટ કરી રહેલા છે, છતાં ત્યાં તેમનાં પોતાનાં ગામોમાં તેમનો "હક" ફક્ત બાજ ધરવાનો અને મરણ જીવનનું સાધારણ ક્રીયા કામ કરવાનો હોએ છે તે સીવાએ તેમને યોજદાથ્રેગોરીનાં કામો કરવાની છુટ નથી તેમજ તેમના પોતાના છોકરાઓને તેઓ નાવર મરાતબ પોતાના ગામની અગીઆરીમાં ચઢાવી શકતા નથી. એવો કાએદો અસલથી આજ સુધી એક સરખી રીતે ચાલી આવે છે અને તે કાએદો ભગર ટોળામાં પણ ઘણે દરજજે આજ સુધી જાયજ છે. એ ટોળાએ મુંબઇની દરેમેહેરોમાં પોતાના છોકરાઓને નાવર મરાતબ કરવામાં આવે તે સામે મોટી "ફ્રુઝેડ" જગાડી હતી, અને એજ વજુદવાલાં કારણથી તેઓ મુંબઇનું વહાડીઆજીનું આતસ બહેરામ હમેશનું છોડી આવ્યા હતા. અને એ જુંબેસ આજ ૪૦ વર્ષથી એ ટોળામાં ચાલુજ છે. એક વડાં પંથકમાંજ નાવર મરાતબ કરવાની ભગર ટોળામાં ચાલતી હાલની જુંબેસો આપણને ગવાહી આપે છે કે આગળ સંજાણો ટોળો જ્યારે સંજાણમાં હતો ત્યારે નવસારીની જરથોસ્ત મોબેદની ઓલાદના તથા હોમ બહમનીઅરની ઓલાદના મોબેદો પોતાનાં વડાં પંથક સંજાણને તાબેજ હતા અને ત્યાંજ (યાને સંજાણમાં) તેઓ નાવર મરાતબ થવા જતા હતા એ કુદરતી છે. એ સચ્ચાઇ કોઇથી પણ ના પાડી શકાએ તેવી નથી. "નવસારીનો ભગર સાથનો ટોળો આજથી સાતસો વર્ષની વાત ઉપર તદન સ્વતંત્ર હતો." એ તેઓનું બોલવુંજ ગલત દેખાય છે. કારણકે જરથોસ્તી ધર્મની દરેક ક્રીયાઓ માટે જે "સઘળો આલાત" જોઇએ તે ભગર ટોળા પાસે તો શું પણ હીંદુસ્તાનમાં

(સંજાણા ટોળા શીવાએ) કોઇ પણ બીજા ટોળા પાસે હતો નહી. ભગર સાથ ટોળો પોતાનો સંપુર્ણ આલાત ધરાવતો થયો હોએ તો ફક્ત આજ દોઢસો વર્ષથી છે. આ બાબત, અત્રે વિસતારીને બોલવા જતાં લંબાણ થાય છે. એ વિષે આજથી ત્રણ વર્ષની વાત ઉપર અમોએ એક લંબાણ ખુલાશો લખી તૈયાર કર્યો છે પણ તે છપાવી પ્રગટ કરવામાં અનિવાર્ય ઢીલો થતી હોવાથી હજુ તેનું મુહરત આવ્યું નથી.

હમો ઉપર કહી ગયા તેમ આજ સુધી હમારા સંજાણા ટોળા ઉપર ભગર સાથ ટોળાવાળા સાહેબો તરફથી " કલંક " મૂકાય છે કે " તેઓ જ્યારે નૌસારીમાં આવ્યા ત્યારે એવી કબુલાત કરી આવ્યા હતા કે સઘળું યોજદા ગ્રેગરીનું કામ (સંજાણાઓનાં સુવાં જીવતાંઓનું વટીક) ભગરીઆઓએજ કરવું અને સંજાણાઓએ ફક્ત આતશબહેરાંમની બોયદેઇ તેની ઉપજ માત્ર ખાવી વિગેરે" આ વાતની લેખીત સાહદત એરવદ શાપુર માણેક સંજાણાના ઇ. સ. ૧૭૬૫ માં જોડેલા કિસ્સઃ સિવાય બીજે કેથે મળતી નથી, અને આ લેખીત સાહદત સંજાણાઓએ નૌસારી છોડયા પછીની છે. તેમજ કિસ્સાના લખનારે જે બ્યાંન કર્યું છે તે ઇ. સ. ૧૭૩૨ થી ૧૭૪૦ ના અરસા સુધીમાં ભગરના મુખી ખુરશેદ દેશાઇએ સંજાણાઓ ઉપર જોર જબરી વાપડી પોતાના લાભના એક તરફી લખાણો તેમની પાસે કરાવી લીધાં હતાં, તેની ઉપર એ કિસ્સાના લખનારે પોતાના પુરાવાનો પાયો રચ્યો છે. પણ હમો જેમ ઉપર જણાવી ગયા તેમ તે પુરાવો સાદી અક્કલે પણ માન્ય રખાય એવો નથી. જો ઉપર જણાવેલી કબુલાતે સંજાણાઓને નૌસારીમાં આવવા દેતે કે " તેઓએ આતશબહેરાંમની બોય દેવા સિવાય બીજાં ક્રિયા કામો કરવાંજ નહિ"–તો તુરતજ સંજાણાઓ પોતાની પાસેનો તમામ ક્રિયાને લગતો સામાન ભગરીઆઓને વાપડવા આપવાનો તેજ વખતથી બંધ કરતે. હું માનું છું કે, આ વાત કોઇપણ સાચ્ચો સત્ય શોધક ભગરીઓ ભાઇ કદી ના પાડી શકશે નહિ.

હું ધારૂં છું કે આ પુસ્તકનો દિબાચો ધારવા કરતાં વિશેષ લંબાણ થયો છે અને જે કારણો અને નેમોથી એ પુસ્તક પ્રગટ થાય છે તે જોતાં તેથી બીજી વેગળી બાબતો ઉપર મારે બોલવાની જરૂર રહેતી નથી. આ પુસ્તકની અંદર તેના કર્તાએ જાણીતા પુરૂષોના નામો નીચે તેમની .જીંદગીના અહેવાલોની જે ટુંક નોંધો આપી છે તે વાજબી છે. પણ તે નોંધો આપવામાં કેટલેક ઠેકાંણે કર્તાએ બહુજ કસર બતાવી છે. ઉદવાડાના ઇરાનશાહ આતશ બહેરાંમ સાહેબનાં કેશમાં જેઓએ રાત અને દીન મૂખ્ય વાડીઓની સાથે મળી ભૂખ અને તરસના ભોગે કીંમતી સેવાઓ બજાવી છે તેમજ જે આગળા મહાન પુરૂષો જેઓ ઉદવાડા અંજુમનની ભૂતકાળમાં કીંમતી સેવાઓ બજાવી ગયા છે તેવા કેટલાક ઇસમો

આ ફેહરીસ્તની નોંધમાં યાદ થતા રહી ગયા છે; પણ આશા છે કે બીજી આવૃત્તિ નિકળે તો, તે વખતે એ બાબદ ઉપર ધ્યાંન આપવામાં આવશે.

વળી કર્ત્તાએ બની શક્યું તેટલાં મરણોની નોંધ આપી છે તે પણ વ્યાજબી કર્યું છે; જો કે ઘણીજ કમનશીબીની વાત તો એ છે કે. ઉદવાડામાં જન્મ મરણ, અને લગ્નની નોંધો અંજુમનના દફતરે સત્તાવાર રહેવી જોઇએ, તેવી નોંધો અત્રે બીલકુલ રખાતા નથી. જેથી એક દાહેકા ઉપર ગુજરી ગયલા કોઇક સખશનો રોજ માહ કે સાલ મેળવવો હોય તો તે અત્રે બહુ મૂશ્કેલ થઇ પડે છે. આવી જન્મ, મરણ, અને લગ્નની નોંધોની ગેરહાજરીમાં વંશાવળી જેવી ભાગ લાગની બીકટ બાબત લખવાનું અને તેને સત્તાવાર રીતે રાખવાનું કામ ઘણુંજ મૂશ્કેલ તથા અપજશ ભરેલું થઇ પડે છે જો કે આ અપજશ્યું કામ આજથી વીસ પચ્ચીશ વર્ષની વાત ઉપર આ ગામના એક ઘણાજ ઉમંગી અને ચાલાક ભાઇ મરહુમ કાવસજી શાપુરજી કટીલાએ હાથ ધર્યું હતું પણ એ કામ માટે કેટલીક સત્તાવાર જોઇંતી વિગતો તેમને નહિ મળવાથી પાછળથી તેઓએ એ કામ હંમેશનું ઢીલમાં નાખ્યું હતું, પણ મરહુમના અકાળ મૃત્યુ બાદ એ કામ ભાઇ નોશેરવાંનના હાથમાં આવ્યું અને એઓ ભાઇએ એ કામ પછવાડે ત્રણ–ચાર વર્ષ સૂધી ચાલુ ખંત અને મહેનત લઇ તેને પુસ્તકદ્વારા બાહેર લાવવા કોશેષ કરી છે જે સ્તુતી પાત્ર છે.

માહરા વિચાર પ્રમાણે આ પુસ્તકમાં કેટલીક નાંની નાંની ખાંમીઓ માલમ પડે છે. જેવી કે "પ્રુફ" તપાસની તેમજ હમો ઉપર જણાવી ગયા તેમ કેટલાક જાણીતા મોબેદ સાહેબોની નોંધોની ગેરહાજરી તેમજ વળી જ્યાં જ્યાં જે સખશો માટે ચોપડીમાં નોંધો થઇ છે ત્યાં તેમને "પાળક" હોય તો પાલકના નામ સાથેજ ઓળખાવ્યા છે, તેને બદલે ઓહ્લાં આખાં નામે તેમને ઓળખાવવા જોઇતા હતા; જેમકે પાનાં ૧૧૮ ઉપર એ૦ બરજોર એ૦ શાપુર, પાનાં ૧૦૮ એ૦ ભીખા ઉર્ફે જાલ, એ૦ નોશેરવાંન, વિગેરે એ નામ હેઠળ એ ધણીઓને ઓળખાવવા સાથે તેમનાં બાપીકા નામો તથા અટક સાથે કાંઉસમાં ઓળખાવવા જોઇતા હતા. દાખલા તરીકે પાનાં ૧૧૮ ઉપર આવેલા એ૦ બરજોર એ૦ શાપુર, તેમને કાંઉસમાં " એ૦ બરજોરજી મંચેરજી માકુજીનાં " તેમજ એ૦ જાલ એ૦ નોશેરવાન તેમને કાંઉસમાં "શેઠ જાલભાઇ દોરાબજી ભરડા" એમ ખુલ્લાં નામ ત્થા ઓળખ–અટક સાથે ઓળખાવ્યાં હોત તો ભવિષ્યમાં પચ્ચીસ–પચાસ વર્ષે પણ જાણી શકાયકે, સંજાણા ટોલામાં જાલભાઇ દોરાબજી ભરડા થઇ ગયા તે આ ભીખા એ૦ નોશેરવાંન છે એવી નજીવી અને નાની ખાંમી રહેવા પાંમી છે આશા છેકે ખુદાનાં હુકમથી એની બીજી આવૃતી પોતાનું જાહેર રૂપ જોય તો તેમાં આ ખાંમીઓ આપણે સુધરેલી જોઇ શકીશું.

કર્તાએ આ પુસ્તક ઉદવાડાનાં એક જાણીતા બાહોશ અને સ્વતંત્ર બોલનારા મરહુમ ભાઇ કાવશજી શાપુરજી કટીલાને અર્પણ કર્યું છે તે બેશકીતજ ઘણું નેક કામ કર્યું છે. મરહુમ ભાઇ કાવશજીએ પોતાની ટુંક જાહેર કારકીર્દીમાં એટલાં તો અગત્યના અને ઉપયોગી કામો બજાવ્યાં છે કે જે માટે જેટલું બોલાય અને લખાય તેટલું થોડું છે. એમની ઝલકતી કારકીર્દીનું થોડુંક વર્ણન જે આ ચોપડીનાં એક સફા ઉપર નજરે પડશે, જે ઉપરથી વાંચનારાં સુજ્ઞ સેવકો જોઇ શકશે કે, એ ભાઇ માત્ર ૪૦ વર્ષની જુવાન ઉમ્મરે મરણ પામ્યા નહિ હોત તો, હજુ આગળ બીજાં ઘણાં ઉપયોગી કામો કરી બજાવવાને શક્તિવાન થતે.

આ "ફેહરીસ્ત" નું પુસ્તક તૈયાર થઇ, આજે વાંચનારી આલમ સમક્ષ જે આવી ઉભું છે તે મરહુમ ભાઇ કાવશજીની ભૂતકાલની કેટલીક કોશેશોને પણ આભારી છે. જેથી એ પુસ્તકનાં કર્ત્તાએ મરહુમ ભાઇ કાવશજીને એ પુસ્તક અર્પણ કરવા સાથે તેમની એક સુંદર તસવીર એ પુસ્તકમાં આપી લાયકને લાયક માન આપ્યું છે. હમો ખુદા પાસે પ્રાર્થના કર્યે છીએ કે, મરહુમનાં જેવાં બાહોશ, ટોળાનું હિત સાચવનારા, તેની વૃદ્ધીને આગળ વધારનારા ઘણાં કાવશજીઓ હમારા સંજાણા ટોળામા પેદા પડો !

આ પુસ્તકનાં હેલ્લા ભાગ પર બીજા ભાગ તરીકે તારાપુરનું "ભરડા" ઉર્ફે બહેલીકાકાનું કુટુંબ આપવામાં આવ્યું છે જો કે આ ચોપડીમાં બોયનાં હક્કદાર શિવાય બીજાં કુટુંબોને આપવામા આવ્યાં નથી, છતાં એ કુટુંબ એમાં આવે છે. પણ આ ચોપડી છપાવી પ્રગટ કરનાર એજ કુટુંબના શેઠ બહમનજી પેસ્તનજી બહેલીકાકાનાં છે જેઓએ આ સંજાણા ટોળાને લગતી ચોપડી છપાવી પ્રગટ કરવાનો અનેક ખર્ચ પોતે કર્યો છે અને વળી ઉદવાડામાં અનેક જણને સુકૃત વહેંચી આપવા હા કહી છે તો આવા એકસખી પરમાર્થી પુરૂષનું વૃત્તાંત અને તેનાં કુટુંબની વંશાવળી કર્તાએ આ ચોપડીમાં લીધી છે એ તદ્દન વાજબી કર્યું છે, અને એવા એક સખી પરમાર્થી શેઠયાનું આપણે પણ મોહટું હેશાંન માનીએ છીએ. અને દુવા ગુજાર્યે છીએ કે, એવા સખી શેઠયાઓની રહેમદીલી હમારા સંજાણા ટોળા પર કાયમ રહો !

ઉદવાડા રોજ-૮-મહા ૨ સને ૧૨૯૫ યઝદેઝરદી તા૦ ૧૬ મી ઑક્ટોબર, ૧૯૨૫.	યથ જમીઆત યથા આફ્રીનામી. દીનશાહ ભીખાજી ઉનવાલા

આપણાં અષો ન્યાગાંનો

વીસ્પનાંમ અશેમ પઇતિનાંમ અષોનાંમ
ફ્રવષયો યજમઇદે વીસ્પનાંમ નરાંમ અષઓ
નાંમ ફ્રવષયો યજમઇદે, ઈદ અષઓનાંમ અષ
ઓની નાંમચ અહુમચા દએ નાંમચ બઓદસ્ચ
ઉર્વાનેસ્ચ ફ્રવષીસ્ચ યજમઇદે યોઇ અષાઇ વઓનરે

યાને—તમામ હેરબતોનાં અષોનાં ફ્રેરોહરને હમો માન સાથ યાદ કરીએ છીએ, તમાંમ નરોના અષોના ફ્રરોહરને હંમો માન સાથ યાદ કરીએ છીએ કે જેઓ રાસ્તીને માટે ફતેહથી લડયા હતા તેઓનાં જાનને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફ્રોહરને આ જગ્યાએ માન સાથ યાદ કરીએ છીએ.

હઝારો હઝાર દરૂદ હોજો આપણાં અષો ન્યાગાંનો ઉપર કે જેઓનાં પ્રતાપે આજ લગભગ ૫૦૦ વર્ષ ઉપર લખાયલી આ સંજાણા નવે કુટુંબની "ફ્રેહેરીસ્ત" યાને વંશાવળી કાંઇક નવાજ લેબાસમાં આજે મારા ભાઇઓ સનમુખ રજુ કરૂં છું.

આપણા ન્યાગાંનોને અનેક હાંદેસા અને આફતો વચ્ચે ઈરાંન વતન છોડી હિન્દુસ્તાનની પારકી ભૂમી પર આસરો લેવો પડયો હતો, ત્યાંબી એક જગે ઠરીઠાંમ ન થતાં અનેક આફતો અને મુસીબતો વચ્ચે અનેક ઠેકાંણે ભટકવું પડતું હતું અને હરીફ ટોળાઓની અને ટોળાથી ફટાંઉ બનેલાઓની જુઠી સતાવણીને લીધે પોતાનાં હકકો સંબંધી અનેક બાથેઃ ભીડવી પડતી હતી. એવી રીતે આપણાં ન્યાગાનોને અનેક રંજો ખેંચી મુશકેલીઓમાં ઉતરવું પડતું હતું જે માટેનો ખુલાસો અને બીજો દસ્તુરી બાબદનો ખુલાસોઃભાઈ દીનશાહજીએ પોતાના દીબાચામાં લંબાણથી કર્યો છે એટલે મને હવે એ બદલ વધુ બોલવાની જરૂર રહેતી નથી. એ રીતે તેઓએ મ્હોટી જહેમતો અને લડતો વચ્ચે પોતાનાં હકકો સાચવી તે પોતાની ભવિષ્યની ઓલાદો માટે લખી રાખી જાળવી ગયા છે જે હકકો આજે આપણી મોટી સેવાઓ સમાન ગણાય છે અને તેમાં આ આપણી 'ફ્રેહેરીસ્ત" પણ એક છે કે જે આપણાં બોયનાં હકકોની માંહોમાંહેની વહેંચણી કરવાને મોટી કીંમતી મદદગાર થઈ પડે છે એ આપણી, 'ફ્રેહેરીસ્ત" યાને વંશાવળી નસલે નેરીયોશંગ ધવલથી યાને મોબેદ નેરીયોશંગ ધવલનાં તોખમથી ગણાય છે પણ એ ફ્રેહેરીસ્ત છેક કોઈ ખુસમસ્તા ખુજસ્તાથી સરૂ થાય છે એટલા અરસામાં નેરીયોશંગ ધવલથી ખુસમસ્તા સુધી કેટલીક પહેડીઓ થઇ ગઈ છે તે કાંઇબી એ ફ્રેહેરીસ્તમાં જણાવ્યું નથી તેમજ ખુજસ્તા ખુસમસ્તાથીબો સાહેર હોરમજદીયાર બહમનીયાર સુધી કેટલી પહેડીઓ થઇ ગઇ છે તેબી કાંઇ એમાંથી માલુમ પડતું નથી કારણકે બીજા

પંથ વાલાઓની વંશાવળીના લખાણો પરથી એટલા અંતરમાં વચમાં વચમાં કેટલીક પહેડીઓ થઈ ગએલી જણાય છે. (જે મેં આ ચોપડીમાં તે જગ્યાએ ફુટ નોટમાંજ જણાવેલું છે) આપણે ત્યાં હાલે કેટલેક ઠેકાણે જે અસલ ફેહેરીસ્ત તરીકેની મોજુદ ફેહેરીસ્તો છે તે કાંઇ ખુદ અસલ (Original) ફેહેરીસ્તો નથી. જે દરેક ઠેકાણે છે તે અસલ ફેહેરીસ્તની નકલોજ છે તે અને નકલોબી અનુમાંન કરતાં દોઢસોથી વધારે વર્ષની મળતી નથી. ખુદ અસલ (Original) ફેહેરીસ્ત કયાં છે, અને કયાં ગઇ તે અનેક જુસ્તેજો કરતાંબી માલમ પડયું નથી, તેમ પહેલી ફેહેરીસ્ત ચોકસ કયાં સાલમાં અને કઇ રૂઢીએ લખાઇ હતી તેબી જણાયું નથી. પણ જ્યારે યજદેજરદી સને ૭૮૫ માં સંજાણો ટોળો વાંસદેથી નવસારી આવે છે ત્યારથી ફેહેરીસ્ત લખવા માંડેલી લાગે છે અને લખવાનું કારણુબી એમજ હોવું જોઇએ કે, તે વખતથી બીજા ટોળાઓ જોડે રહી કામ લેવાનું હોવાથી પાછળથી બોય દેવાનો યા બીજી ઝાંજગડો નહિ ઉઠવા પાંમે એટલા ખાતર બોયની વહેંચણી કરી એ લખવાની શરૂ કીધી હોય ? અને એ ફેહેરીસ્ત લખવાની મતલબબી નવે કુટુંબના બોયના દીવસોની વહેંચણી કરવા માટેજ છે. એ રીતે નવસારીથી ઉદવાડે આવ્યા પછીબી એ ફેહેરીસ્ત લગભગ સને ૧૧૫૮ ય૦ જ૦ સુધી લખી એમાંનાં કુટુંબોને આગળ ચલાવ્યાં હતાં. પણ ત્યારપછી આપણાં વડીલોની બેદરકારી યા શું બી કારણોને લીધે એ ફેહેરીસ્ત આગળ લખવાની બંધ પડી હતી, જે લગભગ સો વર્ષનાં ગાળા પછી આપણાં ગામનાં ખેરખાહ અને આ વંશાવળીનાં ચુનંદા અભ્યાસી મરહુમ મોબેદ કાવસજી શાપુરજી કટીલાએ એ સો વર્ષની બંધ પડેલી ફેહેરીસ્તને કેટલીક મહેનતે સોધખોળ કરી ૧૨૭૬ ય૦ જ૦ સુધી અસલ રૂપમાંજ આગળ ચલાવી હતી જો કે એ ફેહેરીસ્ત માંહેનાં કેટલાંક કુટુંબોનાં કેટલાક વારસો અસલથીજ ઘણાં લાંબા ટાઇમનાં ગાંમ છોડી બહાર જઇ છુટા પડી ગએલા હોવાથી તેઓનો પત્તોજ મલ્યો નથી. જેથી તે કુટુંબોનો શીલસીલો અસલ ફેહેરીસ્ત સુધીજ અટકેલો છે. તેમજ સંજાણા ટોળા માંહેલા ઉદવાડા તાબેના બીજા ગામોમાં વસ્તા પંથકીઓ કે, જેઓનો અસલથી આજ સુધી બોય દેવાનો હક્ક નથી, તે કુટુંબીઓને પણ એ ફેહેરીસ્તમાં આગળ લખવામાં આવ્યા નથી. એ રીતે ૧૨૭૬ ય૦ જ૦ સુધી મરહુમ કાવસજી કટીલાએ ચલાવેલી ફેહેરીસ્ત ને તેથી બી આગળ ચલાવી સને ૧૨૯૦ ય૦ જ૦ સુધી લખીને અને એ પરથી દરેક કુટુંબોના જુદાં જુદાં ઝાડો બનાવીને અસલ ફેહેરીસ્તથી જુદી રૂઢીએ અને કાંઇ જુદાજ લેબાસમાં મોટા સુધારા વધારા સાથે આજે તમો સનમુખ ધરવાને હું ભાગ્યશાળી બન્યો છું.

એની અંદરનાં બધાં નાંમો અને કુટુંબો અસલ પ્રમાણેજ અનુક્રમે

લખાએલાં છે તેમાં જરા પણ ફેરફાર કરવામાં આવ્યો નથી પણ કેટલાંક લખાંણોની ભાષામાં અને અસલ ફેહેરીસ્તની રચનાંમા મેં મોટો ફેરફાર કર્યો છે. કારણ કે અસલ ફેહેરીસ્તમાં કુટુંબોની રચના "અટક" (Surname) વગર કાંઇ જુદીજ રૂઢીએ હોવાથી તેની મતલબ આજનાં કોઇને તુરત સમજ નહિ પડે તેને માટે દરેક કુટુંબોને તેની અટકના નાંમો સાથે છુટાં પાડી બોયનાં વ.રા પ્રમાણે સીલસીલાબંધ અસલ ફેહેરીસ્ત પ્રમાણેજ ગોઠવીને આ ચોપડીમાં લખ્યાં છે અને પુરતી સમજણને માટે દરેક નાંમો આગળ ગુજ-રાતી, અંગ્રેજી, બાળબોધ વીગેરે જુદી જુદી જાતનાં જુદા જુદા નંબરો આપી સીલસીલાનો ક્રમ ગોઠવ્યો છે તેમજ દરેકનો સીલસીલો જોવાનું સહેલ થઇ પડે તે માટે દરેક કુટુંબ સાથે દરેક કુટુંબનું જુદું જુદું ઝાડ આપ્યું છે જેથી પોતાનાં કુટુંબનાં પુરૂષની દાંખલી પકડી સીધી લીટીએ આગળ યા પાછળ નો વારસ તુરત સોધી શકાશે. એ માટેનો પુરતો ખુલાશો આગળાં પાંનાપર આપ્યો છે અને વળી વધુ સમજને માટે દરેક કુટુંબનાં ત્રણ ત્રણ પહેડીનાં નાંમો આપી શાંકળ્યું બનાવ્યું છે જેથી કોઇને જટ પોતાનાં કુટુંબનો વારસ મળી શકશે. આ મારી ચોપડીની રચનાંના પ્રયાસથી કોઇ સાધારણ અંજાણુંને પણ ખુલાશો વાંચી એ ફેહેરીસ્ત જોવાની ઘણીજ સહેલ થઇ પડશે એવી આશા રાખું છું. વળી એમાં કેટલાક જાણીતા પુરૂષોના ટુક વૃતાંત આપ્યાં છે જેમાંનાં કેટ-લાંક એરવદ ખુરશેદ બહેરાંમ કામદીનજીવાલાં અથોરનાંન નાંમા પરથી લીધાં છે અને કેટલાક પુરૂષો માટે ટુક ખુલાશો નીચે ફુટ નોટસમાં કર્યો છે અને મને મારી સોધમાં જેટલાઓનાં મળી શકયાં એટલાં ફુટ નોટસમાં મરણનાં રોજ–માહ–સાલ આપ્યાં છે જેથી વાંચનારે નીચે નોટસ પર ખાસ ધ્યાંન આપવું.

અત્રે ભાઈ દીનશાહજીએ પોતાના દીબાચામાં અપક્ષપાત પણે કરલી ટીક્કા માટે કાંઇક ખુલાશો કરવા ધારૂં છું. એ ભાઈનાં વિચારો એ ભાઇને મુબારક છે, એવણે દીબાચામાં કરેલી ટીક્કાઓ એવણનાં પ્રમાણીક મતની રૂએ કીધી છે તે હું સમજું છું પણ કેટલીક બાબદમાં મારોબી શું ખુલાશો છે તે મારે વાંચનાર સનમુખ મુકવોજ જોઇએ. એવણ પોતાનાં દીબાચામાં જણાવે છે કે, "ઉદવાડાનાં ઇરાંનશાહ આતશ બહેરાંમ સાહેબનાં કેશમાં જેઓએ રાત અને દીન મુખ્ય વાદીઓની સાથે મળી ભૂખ અને તરસનાં ભોગે કીંમતી સેવાઓ બજાવી ગયા છે, તેમજ જે આગળા મહાન પુરૂષો જેઓ ઉદવાડા અનજુમનની ભુતકાળમાં કીમતી સેવાઓ બજાવી ગયા છે તેવા કેટલાક ઇસમો આ ફેહેરીસ્તની નોંધમાં ચાદ થતા રહી ગયા છે" વીગેરે એ માટે મારૂં મત એ છે કે "ઇરાનશાહ" કેશમાં તો લગભગ આખી અન-જુમન હતી અને જેને જે તક મળી તેઓએ તેવી તેવી મદદો અનજુમનનાં ખર્ચે કીધી હતી તેથી મારી ચોપડીમાં તે બધાઓની કાંઇક સેવાને ખાતર મારે નોંધ લેવીજ જોઇએ એમ મને દરૂસ્ત લાગ્યું નથી કારણકે ઇરાંનશાહ કેશમાં જેઓએ મદદ

કોધી છે તે કરતા વધારે બીજી અનજુમનની સેવાઓ અંગત શોગે બજાવનાર આજે ઘણા છે. તેમજ જે આગળા મહાન પુરૂષો ભુતકાળમાં અનજુમનની મોટી સેવાઓ બજાવી ગયા છે, તે મહાન પુરૂષો કોણ કોણ છે તેનાં નામો ભાઈ દીનશાજીએ સુચવ્યાં હોત તો આ જગ્યાએ ઘણાં પેશ પડતાં થઇ પડતે અને તેઓને કાંઇક ઇનશાફ મળેલો ગણાતે. કારણકે ઉદવાડાના આગળા મહાન પુરૂષોમાં તો શેઠો માણેકજી કાવસજી તથા સોરાબજી માણેકજી દમણવાળા અને શેઠ ખાદાંનનાં કેટલાક નબી-રાઓ ગણાય છે કે જેઓની નોંધોએ આ ચોપડીમાં વિપેસ જગ્યા લીધી છે. વળી ત્રીજુ એ છે કે, "જે શખસો માટે ચોપડીમાં નોંધો થઇ છે ત્યાં તેમને "પાળક" હોય તો પાળકનાં નામ સાથેજ ઓળખાવ્યા છે તેને બદલે ખોલ્લાં આખાં નાંમે તેમને ઓળખાવવા જોઇતા હતા;" વીગેરે—એ વિચારો મારા પણ હતા પણ તેમ બાપનાં નામ સાથે ઓળખાવવા જતાં પાળક જગ્યાએથી જુદાં જુદાં કુટુંબનાં નાંમો આવવાથી કેટલાંકોનો સીલસીલો અને ઓળખ તુટી જાય છે જેથી તુરત વેળા વાંચનાર એ કયાં કુટુંબનો છે તે ગુચવાડામાં પડી જાય તે માટે એ ફેહેરીસ્તની ફએજ દરેક જણને તેના સ્વરૂપમાંજ પાલક સાથેજ તેની નોંધમાં ઓળખાવવા મને વાજબી લાગ્યું છે.

પણ મારે અહીં ફરીથી સાફ સાફ જણાવી દેવું જોઇએ કે, મેં ઉપર જણાવ્યું છે તેમ કેટલાંક કુટુંબો માંહેલા ચકરથો અસલથીજ બહાર ગાંમના વતની થઇ જવાથી તેઓનો પત્તો મળી શકયો નથી, અને સંજાણું માંહેલા ઉદવાડા અનજુમન તાબેનાં બીજાં બહારનાં પંથકોનાં કુટુંબો કે જેઓનો ઓયનો હક નહિ હોવાથી તેવાં કુટુંબોને જુની ફેહેરીસ્ત સુધીજ ચલાવી બધ પાડયા છે અને એ શિવાય આપણાં ગામનાં ઓયમો હકક ભોગવતાં ગામ તેમજ બહારગાંમ વસ્તાં નવે કુટુંબોના વારસોને સને ૧૨૯૦ યજદે-જરદી સુધી સીલસીલાબંધ આ ફેહેરીસ્તમાં લખ્યા છે પણ ધંધા અર્થે બહારગાંમ વસ્તાં કુટુંબોનાં વારેસો માટે પત્તો મેળવવાનું કામ ઘણુંજ ખટ-પટ ભર્યું અને પારકે હાથ હોવાથી એમાં કાઇ ભુલ ચુક થવા પાંમી હોય તો તે સુધારી લેવા અને હમારૂં ધ્યાંન ખેંચવા મારા ભાઇઓને ખાસ વિન્નતી કરૂં છું. આજે લગભગ ત્રણ વર્ષ થયાં એજ ફેહેરીસ્ત પરથી મારે હાથે બનાવેલાં નવ કુટુંબના નવ ઝાડો ઓયનાં વારા પ્રમાણે અનુક્રમે ગોઠવી તેનો એક ગ્રૃપ આપણા દરેક ભાઈઓની જાણ માટે આપણાં મરહુમ બાઇ મહોટલાંગાઇવાળા આતશબહેરાંમનાં મકાનમાં મુકયો છે. અને તેમાં કાંઇબી ભુલ ચુક હોય તો તે પર મારૂં ધ્યાન ખેંચવા મેં મારા દરેક ભાઇઓને વિન્નતી કરી હતી; અને તે ઝાડો નીચે પણ લખ્યું છે પણ એ માટે કોઇએ આ ચોપડી છપાઇ ત્યાં સુધી એ ઝાડોમાંની કાંઇપણ ભુલ ભાલો યા વાંધા જણાવ્યા નથી પણ એક બે મિત્રો તરફથી એક બે નામોનાં તફાવત જણાવ્યા હતા જે મેં સુધાર્યા છે.

આ ઉપરથી અત્રે એક જરૂરી ખુલાશો કરવાની તક હાથ ધરૂં છું કે, આજે આસરે અઢી વર્ષ પર પ્રગટ થએલી મારી પાવ મહેલની ક્રીયાઓની ચોપડીના દશમાં પાનાં પર મારા સર્વે ભાઇઓનું વધારે ધ્યાંન ખેંચાયું હતું કે જે પાંના પર કલશીઓ પાવ કરવાની બાબદ આવી છે. કળશીઓ વીગેરે પાવ કરવામાં હાલે આપણાંઓ પહેલાં જહેર ફ્રાંકર્દ પહડી પછી જરેહ વરકશ પહડે છે. જ્યારે ચોપડીમાં પહેલાં જરેહ વરકશ પછી જરેહ ફ્રાંકર્દ લખ્યું છે કારણકે મારા સાંભળવામાં આવ્યું હતું કે, એ બદલ અસલ આપણા વડીલોમાં પણ મતફેરીઓ ચાલતી હતી તેથી એ માટે હમોએ મુંબઇના કેટલાક ગ્રેજ્યુએટ અવસ્તા અભ્યાસીઓનાં મત પુછ્યાં હતાં અને તેઓનો પુરતો અભિપ્રાય લઇ, અને તેઓએ હમદાસની આફ્રીનમાં એજ પ્રમાણે પહેલાં એ શબ્દો ભણાતા સીલસીલાનો દાખલો આપ્યાથી; એ મુજબ મેં મારી ચોપડીમાં લખવા વાજબી ધાર્યું છે. કદાચ આપણાં વડીલોની કાંઇક મતફેરીને ખાતર એક ચુક થઇ હોય તે શું આપણે રિવાજ તરીકે એક ચોપડીમાં બી ભવિષ્યની ઓલાદ માટે તે ચાલુ રાખવી જોઇએ ? એ રીતે મારા કેટલા બીન અનુભવી ભાઇઓએ કે જેઓએ તે ચોપડીની એક બી નકલ ખરીદીને એવાં પોતાના ટોળાનાં ભલાં કાંમ માટે ઉતેજન તો આપ્યુંજ નથી પણ ચોપડીનો પુરેપુરો અભ્યાસ કર્યા વગર કાંઇક પ્રુફ ચૅકની ભુલને લીધે અનેક જુઠઠાં મતો ઓચરી ઘેર સમજુતીઓ ઉભી કીધી હતી પણ પાછળ સીધ ઠેકાંણા પર આવ્યા છે. તેમ આ ચોપડીમાં બી મારા તેવા ભાઇઓ બીન અનુભવે કુટી નહિ મારે એવી આસા રાખું છું. એક ચોપડી લખવા કરતાં તેને છપાવી પ્રગટ કરવાનું કાંમ એટલું બધું ખટપટ ભર્યું અને ખરચાલુ છે કે. ખુદ રાત દીવસ એ કાંમ કરનારાઓબી એમાં ગોટાં ખાય છે, તો મુજ નાચીઝ શું બીશાદમાં છું ? તે સાથે આ ચોપડીનાં પ્રુફ તપાસવાનું કાંમ બહુજ બીકટ થયું છે કારણ કે દરેક કુટુંબોને આગળ પાછળ સંબંધ હોવાથી કુટુંબોના વારસોની બરાબર ઓળખ કરાવવાને લીધે તેની જગ્યાનાં નામો અને લખેલાં પાનાંનાં નંબરો સોધીને પ્રેસનાં પાનાં પર મુકવાનું કાંમ અને જુદી જુદી નોટ્સ ગોઠવવાનું કામ વીગેરે ઘણુંજ ખટપટ ભર્યું હતું તેથી જો એમાં ભૂલ ભાલ થવા પાંમી હોય તો મારા ભાઇઓને ફરીથી મહેરબાનીની રાહે સુધારી લઇ હમારૂં ધ્યાંન ખેંચવાની વિન્નતી કરૂં છું.

અત્રે એક બીજી જરૂરી નોંધ લીધેલી ઠીક થઈ પડશે કે, આપણા કેટલંક કુટુંબનાં હાલનાં કેટલાક વારસો પોતાનાં બોયનાં દીવસો હેરફેર આગળ પાછળ ભોગવે છે.—જેમકે આ ચોપડીનાં પાનાં ૨૩ માં પર "એ૦ નવરેજ એ૦ પેશુતન નવરોજ" (નવરોજી પેસ્તનજી ઘડીઆલી) અને પાનાં ૨૪ માં. પર એનાજ ભાગીદાર "એ૦ ભીખા એ૦ ભીખા મીનોચેર" (ભીખાજી જમશેદજી અંધ્યારૂજીનાં)

એ અંધ્યારૂજીનાં કુટુંબનાં બે વારસો અસલ ફેહેરીસ્તથી અંધ્યારૂજીનાં કુટુંબમાં નરશંગ સાહેરનાં બીજા બેટા હોશંગ નરશંગથી ઉતરે છે જેથી એ હોશંગ નરશંગનાં વારસોના બોયનાં દીવસો બીજા ભાઇ તરીકે ખરો રીતે મહેર રોજથી ૧૫ દીવસ ધણાવવા જોઇએ, પણ હાલે એ વારસો વડા ભાઇ કૈકોબાદ નરશંગનાં અહુરમજદ રોજથી મહેર રોજ સુધીનાં પહેલા ૧૫ દીવસોનાં હક્ક ભોગવતા જણાય છે. જ્યારે વડાભાઇનાં વારસો મહેર રોજથી પાછલા ૧૫ દીવસ ભોગવે છે, તેમજ પટેલ કુટુંબનાં પણ છેલ્લા દીવસનાં વારસો હાલે હેરફેર (આગળ પાછળ) દીવસોનો ભોગવટો કરતા જણાય છે એ રીતે કેટલાક વારસો કયા આધારે આગળા પાછળા દીવસો ભોગવે છે, તે કાંઇ જણાતું નથી.

અત્રે આ ચોપડી છપાવી પ્રગટ કરનાર એરવદ બહમનજી પેસ્તનજી બહેલીકાકાનાં માટે ખુલાશો કરતા જણાવીશ કે, એવણ આપણાં સંજાણા ટોળા માંહેથીજ તારાપુરનાં નિકળતાં ભરદા કુટુંબનાં એક નબીરા છે, આ ચોપડી છપાવી પ્રગટ કરવા માટે એવણ સાહેબ આગળ મારી સુચના થતાંજ એવણે કાંઇ પણ આનાંકાંની વગર પોતાની ખુશી બતાવી જે ખર્ચ થાય તે આપવા કબુલ કરી તે સઘળો ખર્ચ એવણે કીધો છે, આવી એક સોનેરી એમ્બોશીંગ નામ વાળી કલૉથ બાઇન્ડીંગની આર્ટસ પેપરો પરનાં મોટા સંખ્યાબંધ ઝાડો સાથની ચોપડી છપાવી પબ્લીશ કરવાનો શું ખર્ચ થાય છે, તેનો મારા ઉદવાડયા ભાઇઓને કદાચજ ખ્યાલ આવશે! એ મોટું ખરચાળું કામ આ સખી ઉદાર દિલના શેઠયાએ સંજાણા ટોળા માટે કાંઇ પણ આનાંકાની વગર ઉપાડી લઇ સંજાણા ટોળા પર મોટું હેશાંન કર્યું છે. એવણ એવી અનેક છુપી સખાવતો કરનાર એકમાર્ગી શરમાળ અને દિલશોજ ગૃહસ્થ છે. એવણનું વૃતાંત આ ચોપડીમાં એવણની તસ્વીર સાથ આગળ આપ્યું છે, એટલે અહીં વધારે બોલવાની જરૂર નથી. વળી એવણે એ ચોપડીઓ છપાવી પ્રગટ કરી ઉદવાડામાં દરેક ઘેરે ઘેર મુફત વહેંચી આપવાનું મોટું ઉદાર દિલ બતાવ્યું છે, એ ઉપકાર કાંઇ સંજાણા ટોળા માટે કમતી નથી. માટે એ ઉપકારનાં હેશાંનમાં એવણનાં ભરડા ઉર્ફે બહેલીકાકાનાં કુટુંબની વંશાવળી (કે જે સંજાણા ટોળામાંથીજ નિકળે છે) તે મેં આ ચોપડીમાં છેડે વધારા તરીકે આપવાનું દરૂસ્ત ધાર્યું છે. જે મારા ઉદવાડયા ભાઇઓબી વાજબી લેખશે. આ સંજાણા ટોળાનાં લાભની ફેહેરીસ્ત છપાવવાનું કામ ખાસ મારા ઉદવાડયા ભાઇઓનું હતું; પણ જણાવવાને દિલગીર છું કે આજે અઢી વર્ષ પર પ્રગટ થએલી મારી "પાવ મહેલની ક્રીયાઓ" ની ચોપડી (કે જે ખાસ સંજાણા ટોળાને લાભની ને જરૂરની ચોપડી છે) તેને મારા થોડાક દીલશોજ ભાઇઓ, અને બીજા ટોળાનાં અથોરનાંન ભાઇઓ, અને શેઠયાઓ શિવાય જોઇએ તેટલું ઉત્તેજન કોઇએ

આપ્યું નહિ. જેથી આ ચોપડી છપાવી પ્રગટ કરવાનું માન બીજા સખી હાથે ગયું છે પણ હું જણાવવાને ખુશી છું કે, એ સખી ભાઇ આપણા સંજાણા ટોળામાંથી ઉતરેલા એક સંજાણાજ અથોરનાંન જાદા છે એટલે આ ચોપડી છપાવી પ્રગટ કરવાનું એવણનું નામ મારી ચોપડી સાથે જોડવાને હું વધારે ખુશી અને મગરૂર છું અને આ કામ માટે હું એવણનો મોટો ઉપકાર માનું છું.

વળી આ ચોપડીનો દીબાચો લખનાર મારા પિત્રાઇ ભાઇ દીનશાહ ભીખાજી ઉનવાલાનો આભાર માનવાને હું ભુલતો નથી. એવણ ભાઇએ ઇત્હયાસીક બાબદોનો સારો અભ્યાસ કરેલો છે અને લખાણ કરવામાં ઘણી સારી ઝેન ધરાવે છે. એવણે આ ચોપડીનો સંજાણા ટોળાની મોહટાઈ માટે ઇત્હયાસીક અને વાસ્તવીક દલીલો સહીત હરીફ ટોળાની કારકિર્દી સાથનો વિદ્વતા ભરેલો લંબાણ દીબાચો લખી મારી ચોપડીને વધારે જેગ આપ્યો છે. જેથી આ જગ્યાએ હું એવણનો મોટો ઉપકાર માનું છું. તેમજ મારા કેટલાક દીલશોજ ભાઇઓએ પોતા પાસની કેટલીક નોંધો અને લખાણો આપી અને બીજી કેટલીક બાબદોનો પત્તો મેળવી આપી મને કેટલીક મદદો કીધી છે તે બધા ભાઇઓનો આ તકે માનપુર્વક દીલશોજીથી ઉપકાર માનું છું, તેમાં ભાઇ રૂસ્તમજી હોરમસજી ઉનવાલાએ પ્રથમમાં દરેક ઠેકાણેથી નામો મેળવી આપવામાં મને કીંમતી મદદ કીધી છે જે માટે એ ભાઇનું હું મોટું હેશાન માનું છું.

આ ચોપડીમાં આવેલાં વૃતાંતો જે કેટલાંક મેં " અથોરનાંન નામા " પરથી લીધાં છે જે ઉતારો કરવા માટે એ પુસ્તકનાં માનવંત કર્તા-"મોબેદ મહેરવાનજી ખરશેદજી બહેરાંમ કામદીન દસ્તુરના" એ મને મોટી ખુશી સાથે રજા આપી છે તે મોબેદ સાહેબનો આ તકે માનપુર્વક ઉપકાર માનવાની રજા લઉં છું.

છેવટે આ વંશાવળીનું પુસ્તક આપણાં ગામનાં બાહોશ અને સાચ્ચા ખેરખાહ મોબેદ કાવસજી શાપુરજી કટીલાને અર્પણ કરવાની હું મારી આઇન ફરજ સમજું છું કારણ કે એજ બાહોશ અને માનવંત ભાઈની અઠંગ મહેનત અને ઉતશાહી ભરેલી પહેલથીજ હું આ વંશાવળીનું આજે પુસ્તક કહાડી સંજાણા ટોળા પર અજવાળું નાંખી શકયો છું, તેમ એ મરહુમ ભાઇએ પોતે ગમે તેટલા મુફલેસ છતાં પોતાનાં ટોળાનું ભલું કરવાની અનેક સેવાઓમાં એક સાચ્ચા અને વતન અભિમાંની ખેરખાહ તરીકે પોતાની છેવટની જીંદગી તન, મન, અને ધનથીજ ખતમ કરી છે તેવા એક સાચ્ચા અને દિલશોજ ખેરખાહની યાદગીરીમાં આ પુસ્તક મહોટાં માન અને ઉપકાર સહિત અર્પણ કરૂં છું.

નોશેરવાંન નવરોજી ઉનવાલા.

સાંકળયું.

ઑ૦ મહેરબાન નવરોજ રૂસ્તમ
ઑ૦ દાદા નવરોજ રૂસ્તમ
ઑ૦ સોરાબ નવરોજ રૂસ્તમ
ઑ૦ બહેરાંમ નવરોજ રૂસ્તમ
ઑ૦ બહેરાંમ ખુરશેદ કેકોબાદ
ઑ૦ ખુરશેદ મેરવુથ બહેરાંમ
ઑ૦ શહેરીઆર મેરવુથ બહેરાંમ
ઑ૦ બહેરાંમ કામદીન વાંછાં
ઑ૦ બહમન કામદીન વાંછાં
ઑ૦ રાણા બહમન કામદીન
ઑ૦ વીકાજી શાપુર રાણા
ઑ૦ કાનજી શાપુર રાણા
ઑ૦ ભાઇજી કાનજી શાપુર
ઑ૦ હીરજી શાપુર રાણા
ઑ૦ પુંજા બહમન કામદીન
દસ્તુર બીખા દ૦ રૂસ્તમનું વૃતાંત
દસ્તુર ખુરશેદ દ૦ મીનોચેહરનું વૃતાંત

ભાઇજીનાં કુટુંબ છઠ્ઠું.

ઓ૦ ચાંદા ખુરશેદ કામદીન
ઓ૦ મહેરજી બહમન ધાઇઆં
ઓ૦ રતન બરજોર નવરોજ
ઓ૦ દાદા મીનોચેર રતન
ઓ૦ માણેક મીનોચેર રતન
ઓ૦ બહમન બરજોર નવરોજ
ઓ૦ બહેરાંમ બહમન બરજોર
ઓ૦ બરજોર બહેરાંમ બહમન
ઓ૦ સીઆવક્ષ બહેરાંમ બહમન
ઓ૦ હોરમજ બહમન બરજોર
ઓ૦ કાઉસ બહમન બરજોર
ઓ૦ ભાઇજી બહમન ધાઇઆં
ઓ૦ પેસ્તન ફરાંમ માણેક
ઓ૦ ખુરશેદ ફરાંમ માણેક

કુટુંબ ચાલતનું. ...

ઓ૦ જમશેદ શહેરીયાર નાંધરા
ઓ૦ રૂસ્તમ જમશેદ શહેરીયાર
ઓ૦ દાદા જમશેદ શહેરીયાર
ઓ૦ દોશા જમશેદ શહેરીયાર
ઓ૦ નવરોજ નાંધરા રૂસ્તમ
ઓ૦ કેરશાસ રૂસ્તમ શહેરીયાર
ઓ૦ ફરામ કામદીન કુકા
ઓ૦ માણેક ઓ૦ રૂસ્તમ દાદા
ઓ૦ દાદા મીનોચેર જમશેદ
ઓ૦ મીનોચેર રૂસ્તમ દાદા
ઓ૦ ફરેદુન કુકા હોરમજદીયાર
ઓ૦ નવરોજ નોશરવાન ફરેબરોજ
ઓ૦ ફરામ નોશેરવાન ફરેબરોજ
ઓ૦ કુકા કામ નરશંગ નોગરૂ
ઓ૦ નરશંગ કુકા કામ
ઓ૦ મીનોચેર ખુરશેદ નાનજી
ઓ૦ બહેરામ કોહીજી મીનોચેર
ઓ૦ માણેક કોહીજી મીનોચેર
ઓ૦ બીખાં મીનોચેર ખુરશેદ
ઓ૦ માણેક ખુરશેદ નાનજી
ઓ૦ ચેરનુશ ખુરશેદ બરજોર
ઓ૦ હેરવદ બરજોર ફરામ
ઓ૦ દારાબ બરજોર ફરામ
ઓ૦ નાગોજ કુકા કામ
ઓ૦ બહેરામ મેરનુશ કાઉશ
ઓ૦ માહીયાર કામ નરશંગ
ઓ૦ આશા ફેદુન માહીયાર
ઓ૦ રૂસ્તમ નવરોજ જમશેદ
ઓ૦ ઇજદીયાર રૂસ્તમ નોશેરવાન
ઓ૦ બહેરામ ઇજદીયાર રૂસ્તમ
ઓ૦ પેસ્તન બહેરામ ઇજદીયાર
ઓ૦ ખુરશેદ કાઉશ રૂસ્તમ
ઓ૦ શાપુર કાઉશ રૂસ્તમ

શુદ્ધિ પત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૧૭	Sangain	Sanjan
૨૦	૯	૨	૩
૪૮	૨૩	૧૯૨૩	૧૨૯૩
૫૦	૧૧	Axpert	Expert
૫૦	૩૬	બનાવવા	બજાવવા
૬૦	૧૩ ડાબી બાજુ	મીનોચેર ને પાલક કાકો હોરમજ	મીનોચેર તે પાલક કાકા હોરમજનો
૬૧	વચમાનું મથાળું	ઓ૦ ખુરશેદ	એ૦ ખુરશેદ

પાનાં ૬૯ પરની ફુટનોટ ચોથી "હોશંગ આસા" આ ફહેરીસ્તમા હોશંગ આસાને એરવદ લખેલા છે પણ બીજી તવારીખો પરથી એ એરવદ હોશંગ આસા દસ્તુરાંન દસ્તુર તરીકે ઘણા જાણીતા દસ્તુર કહેવાય છે.

૧૦૮	ફુટનોટ ડાબી લીટી છેલ્લી	કકો	કાકા
૧૧૩	જમની ફુટ નોટ લીટી ૧લી	એ૦ બરજોર	હ૦ બરજોર
૧૩૫	છેલ્લી લાઇન	૭૨૦ એ	૭૨૦ ને
૧૬૨	૧૦	આવો "ઓ" આવેલો છે.	આવો "ɉo" આવેલો છે.
૧૭૨	૨૮	છોકઓ	છોકરાઓ

જરૂર વાંચવું.

ફેહેરીસ્ત જુવાનો ખુલાસો.

આ ફેહેરીસ્તનું મૂળ યાને શરૂઆતી એરવદ ખુશમસ્તા એરવદ ખુજસ્તાથી શરૂ થઇ એરવદ હોરમજદીયારનાં ત્રણ બેટાથી દરેક કુટુંબ આગળ ચાલતાં વહેંચાય છે માટે પહેલાં ફેહેરીસ્તની શરૂઆતીનો પાંને ૧૪ મેથી ખુલાશો બરાબર ધ્યાંનથી વાંચવો.

દરેક એક એક કુટુંબને જુદું પાડી લખવામાં આવ્યું છે અને જે કુટુંબમાં આગળ ચાલતાં જે બાપનાં બે ત્રણ પાંચ યા જેટલા બેટાઓ હોય તેને પહેલાં તેની આગળ અનુક્રમે નંબર આપી જણાવવામાં આવ્યા છે. તે પ્રમાણે તેને ૧—લો વડો, ૨—જો તેથી નાનો, ૩—જો તેથી નાનો. એમ વડો, વચલો, નાનો, સમજવો.

દરેક બેટાને યા પાલકને તેનાં બાપની નીચે જણાવવામાં આવ્યા છે. પણ જે બાપના પાંચ સાત બેટાઓ હોય તે બેટાઓનાં કુટુંબને અનુક્રમે એકએકની નીચે જણાવવામાં આવ્યા છે. તે એવી રીતે કે પહેલા ભાઇનું કુટુંબ છેક સને ૧૨૯૦ યજદેજરદી સુધી જેટલી પહેડી ચાલે તેટલી પહેડી સુધી ચલાવી પુરૂં કરી પછી ત્યાંથી તેની નીચે બીજા ભાઇનું કુટુંબ ચલાવવામાં આવ્યું છે તે બીજા ભાઇનું કુટુંબબી સને ૧૨૯૦ ય૦ જ૦ સુધી પુરૂં કરી તેની નીચે ત્રીજા ભાઇનું કુટુંબ ચલાવવામાં આવ્યું છે. જેમકે જુઓ દસ્તુર કુટુંબનું પાનું ૭૦ મું જમની બાજુની લાઇન પાંચમી ૧—એ૦ નોશેરવાંન એરવદ સોરાબને ૩ બેટા છે. તેઓને પહેલાં क. ख. ग. થી અનુક્રમ નંબર આપી ત્રણ બેટાઓ જણાવેલા છે. પછી તેની નીચેથી પહેલા ભાઇ क. એ૦ જમશેદ એ૦ નોશેરવાંનનું કુંટુબ શરૂ થાય છે. તેમાં એજી સને ૧૨૯૦ યજદેજરદી સુધી ૧૦ પહેડી ચાલે છે. એ બધી પહેડીનાં ૧૨૯૦ સુધીના વારસોને પુરા કરી પછી તેની નીચે બીજા ભાઇ ख. એ૦ નવરોજ એ૦ નોશેરવાનનું કુટુંબ લખવામાં આવ્યું છે. જુઓ પાનું ૭૧ મું એ રીતે દરેક કુટુંબો લખવામાં આવ્યાં છે. માટે ધ્યાંન રાખવું કે, એક ભાઇના દરેક વારસોનું કુટુંબ સને ૧૨૯૦ યજદેજરદી પુરૂં થયા પછીજ બીજા ભાઈનું કુટુંબ આગળ ચાલશે. અને તે પછી ત્રીજાનું આવશે. અને જે ભાઇ પાલક થઇ ગયો હોય તેનું કુટુંબ જયાં પાલક ગયો હોય ત્યાં ચાલે છે.

